
સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

માર્ચ - ૨૦૧૫

બે વર્ષ લવાજમ રૂા.:૧૬૦/-















મોટા વરાછા-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'
(તા. ૨૪ થી ૫-૩-૨૦૧૫)

## શ્રી સ્વામિનારાયણ મહોત્સવ
## મોટા વરાછા-સુરત



મોટા વરાછા-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ તથા શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૪ થી ૫-૩-૨૦૧૫)

## નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા
## સામલોદ (વડતાલ પ્રદેશ)








વડતાલ પ્રદેશના સામલોદ (તા.જી. ભરુચ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૮ થી ૧૨-૩-૨૦૧૫)

## નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા
## સીમળીયા (વડતાલ પ્રદેશ)








વડતાલ પ્રદેશના સીમળીયા (તા.ડભોઈ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૯ થી ૧૩-૩-૨૦૧૫)
બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૨ થી ૧૫-૨-૨૦૧૫)



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
પધારો યોગીચોક
પીઠવડી નિવાસી કથીરીયા પરિવાર આયોજીત
ભગવાન શ્રી સ્વામિનારાયણના લીલા ચરિત્રો તથા ધર્મસિદ્ધાંતોથી ભરપૂર ગ્રંથરાજ
શ્રીમદ્ સત્સંગિજીવન
કથા મહોત્સવ
તારીખ : ૧૦ થી ૧૮ -૪-૨૦૧૫
કથા સમય : બપોરે ૦૩:૩૦ થી ૦૬:૩૦, રાત્રે ૦૮:૩૦ થી ૧૧:૦૦
-: વક્તા :-
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
અધ્યક્ષશ્રી
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
આયોજક/નિમંત્રક :
શ્રી અરવિંદભાઇ, શ્રી કાળુભાઇ, તથા શ્રી અશોકભાઇ પી. કથીરીયા (પીઠવડી વાળા)
લાઇવ પ્રસારણ
हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
મહોત્સવ સ્થળ :- યોગીચોક, પુણાગામ, સુરત




પ.ભ. શ્રી વાલજીભાઇ વી. વરસાણીના
સિસલ્સગમનના 1975 - 2015 40 વર્ષ
Celibration of 25 years
શ્રી હરિ
S HARI
HARI BUILDERS
GROUP
SHREE HARI
SEYCHELLES
25 years
અ.નિ. ધનબાઇ વાલજીભાઇ વરસાણીની
5 મી પુણ્યતિથિ પ્રસંગે
શ્રી સ્વામિનારાયણ
મહોત્સવ
॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥
કથા પારાયણ
:: તારીખ ::
6 થી 15 -8-2015
કથા સમય : બપોરે ૪:૦૦ થી ૮:૦૦
વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર
:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
:: નિમંત્રક તથા આયોજક :: પ.ભ. શ્રી હરિશભાઇ વાલજીભાઇ વરસાણી (હરિ બિલ્ડર્સ - સિસલ્સ)
સ્થળ : Hari Builders (Pty)Ltd, Victoria,Mahe - seychelles.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ : ૩, અંક : ૨, તા. ૨૦-૦૩-૧૫**

**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**:: પ્રસિદ્ધ કર્તા ::**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

**સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ સંદિપ ભગત**

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

**www.sardhardham.com, www.svg.org**

**Email :** srdharmandir@gmail.com


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ચૈત્ર સુદ - શ્રીરામ નવમી, ચૈત્ર સુદ - શ્રીહરિ નવમી | ૦૬ |
| ૨. | ભગવાન શ્રી સ્વામિનારાયણની નીતિવિષયક ચર્ચા | ૧૨ |
| ૪. | કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારી લેવો | ૧૪ |
| ૫. | શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા | ૨૨ |
| ૬. | સત્સંગ સમાચાર પત્રિકા | ૩૨ |
| ૭. | કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ | ૩૬ |



**લવાજમ દર :-**

બે વર્ષ : રૂા. ૧૬૦/- , પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**



हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
**દિવ્યઅમૃતવાણી**
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
**સત્સંગ કથા પારાયણ**
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
**સત્સંગ કથામૃત**
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦ શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦



### મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજી પ્રાગટ્યદિન એટલે

# ચૈત્ર સુદ - શ્રીરામ નવમી

સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

અનાદિ બદ્ધ જીવાત્મા સદા સર્વદા સંસાર અને માયાના કાદવમાં લિપ્ત થઈને ગંદકીમાં સડતો રહે, તેવું પરમાત્માને કદાપિ પસંદ નથી. આથી જ જીવાત્માને પરિશુદ્ધ કરવા, તેના અંતરમાં ભક્તિનો ઉદય કરવા તથા ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પ્રભુ પૃથ્વી પર પ્રત્યક્ષ પધારે છે. એમાં કારણભૂત છે એમની જીવો ઉપરની અસીમ કરુણાધારા !!

ભારતની પુનિત ધરા ઉપર વિવિધ હેતુઓ માટે અવતારો પ્રગટ થતા રહ્યા છે. બ્રહ્માંડપુરાણમાં કહ્યું છે કે, 'त्रेतायां रघुनन्दनः ।' - ત્રેતામાં રઘુકુળ શિરોમણિ ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાદુર્ભાવ થયો.

પ્રત્યેક ભારતીયો માટે શ્રીરામ 'મર્યાદા પુરુષોત્તમ' છે. આદર્શ પુત્ર, આદર્શ પતિ અને આદર્શ રાજવીનો ત્રિવેણી સંગમ એમના ચરિત્રોમાં સહજ જણાય છે. એક વચન, એક બાણ અને એક પત્ની એ ભગવાન શ્રીરામચંદ્રજીની વિશેષતા હતી.

અયોધ્યાના રાજવંશ ઈક્ષ્વાકુકુળના રાજા દશરથ અને રાણી કૌશલ્યાને ઘરે ચૈત્ર સુદ નવમીના દિવસે મધ્યાહ્ને ૧૨ વાગે પ્રભુ શ્રી રામ પ્રગટ થયા. એ સમયે પુલત્સ્ય ઋષિના પૌત્ર રાક્ષસરાજ રાવણે સમગ્ર આર્યાવર્તમાં હાહાકાર મચાવ્યો હતો. વિદ્વાન અને બ્રાહ્મણ હોવા છતાં તે ધર્મનો શત્રુ હોવાથી રાક્ષસ તરીકે ઓળખાતો હતો. ઋષિઓ ઉપર અને તેમના યજ્ઞો વગેરે ધર્મસ્થાનો પર આતંક મચાવવો એ તેનું મુખ્ય કાર્ય હતું. આવા અધર્મના ભયાનક ઉપદ્રવ સામે ધર્મની શક્તિ જ સફળ થાય છે. આથી જ ભગવાન શ્રીરામનું પ્રાગટ્ય થયું હતું.

ભગવાન શ્રીરામચંદ્રજીનું ચરિત્ર સર્વથા અનુકરણીય છે...

એક તરફ દશરથજીએ તેમને માટે કરેલો રાજ્યાભિષેકનો નિર્ણય અને બીજી તરફ કૈકેયી દ્વારા તેમને માટે માગેલા ૧૪ વર્ષના ભીષણ વનવાસનું વરદાન ! આવી અત્યંત સન્માનની અને તરત જ ભયંકર અપમાનની પરિસ્થિતિ શ્રીરામચંદ્રજી ભગવાનના જીવનમાં અનોખી પળ હતી.

જ્યારે વનવાસમાં જવાના સમાચાર મળ્યા, ત્યારે શ્રીરામના મુખ ઉપર એ જ શાંત, સૌમ્ય, મંદ સ્મિત સભર રેખાઓ હતી, જે રેખાઓ રાજ્યાભિષેકના સમાચાર



## પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યદિન એટલે

# ચૈત્ર સુદ - શ્રીહરિ નવમી

વખતે હતી !!

પિતાની આજ્ઞા માનીને ભગવાન શ્રીરામચંદ્રજીએ રાજ્ય કે સત્તા માટે લગાર પણ આસક્તિ દર્શાવી નહીં અને તેમણે લક્ષ્મણને કહ્યું હતું કે, ''હે લક્ષ્મણ ! આ સંસારમાં ધર્મ સર્વશ્રેષ્ઠ છે, ધર્મ જ સત્યનું અધિષ્ઠાન છે અને પિતાની આજ્ઞા એ જ ધર્મને આશ્રિત હોવાથી ઉત્તમોત્તમ છે.''

કઠોર તપશ્ચર્યા, રાક્ષસો સાથેના ભીષણ યુદ્ધો, ઋષિવર્યોના તીર્થો અને આશ્રમોમાં સત્સંગ અને સીતાહરણ પછીના ભયંકર સંહારમાં રાવણનો નાશ, એ એમના યુગવર્તી કાર્યોમાંનું શ્રેષ્ઠ કાર્ય હતું, પરંતુ તેમાં સદ્‌ગુણોની સૌરભ અને શ્રીરામચંદ્રજીની આંતરભાવનાનું પ્રતિબિંબ તો ત્યારે જોવા મળે છે કે જ્યારે શ્રીરામ ભગવાન લંકાથી પુનઃ 'પુષ્પક' વિમાનમાં અયોધ્યા પધારે છે અને સૌપ્રથમ આત્મગ્લાનિથી પીડાતા રાજમાતા કૈકેયીને મળે છે. ભગવાન શ્રી રામચંદ્રજી માતા કૈકેયીને પગે લાગીને કહે છે :

'तातस्नहो भरतमहिमा, पौरुषं वायुसूनोः सख्यं
चापि प्लवगनृपतेः क्वापि सौमित्रभक्तिः ।
सीतासत्यं ममभुजबलं वैरिणां वैरभावः
ज्ञातं सर्वं तव चरणयोः मातरेषः प्रसादः ।।'

હે માતા ! આપના ચરણકમળની જ કૃપા છે કે મને આ વનવાસથી કેટકેટલું જાણવા મળ્યું ! મારા પિતાનો સ્નેહ, ભરતે મારા માટે કરેલો રાજગાદીનો ત્યાગ, હનુમાનનું બળ, સુગ્રીવની મિત્રતા, લક્ષ્મણની અમાપ ભક્તિ, સીતાજીની પવિત્ર પતિવ્રતા ભક્તિ, મારા બાહુબળનું ઐશ્વર્ય, દ્વેષી લોકોનો વૈરભાવ - આ બધું જો તે કૃપા ન કરી હોત, તો હું કેવી રીતે જાણી શકત ?

ભગવાન શ્રીરામચંદ્રજીની આવી ગુણદૃષ્ટિ ઉપર માત્ર કૈકેયી જ નહીં, સમગ્ર આર્યાવર્ત વારી ગયું !! કષ્ટ આપવામાં જે નિમિત્ત હતા, એવા માતા કૈકેયીની સંવેદનાને શ્રીરામે કેટલી હળવાશથી સ્પર્શ કર્યો છે.

રામાયણના પ્રત્યેક પાત્રમાં આવું ગુણમાધુર્ય છે, એક પ્રકારની દિવ્યશક્તિનું તેજ છે. સીતાજીને વિના વાંકે અયોધ્યા

છોડવાનો વારો આવ્યો અને ભગવાન શ્રીરામે ધોબીના વચને તેમનો વાલ્મીકિના આશ્રમમાં ત્યાગ કર્યો ત્યારે પણ સીતાજી હૈયાફાટ રૂદન કરતા કહે છે : 'भूयो यथा मे जनना‍न्तरेऽपि त्वमेव भर्ता न च विप्रयोगः' - હે સ્વામી ! આપ જ મારા જન્મોજન્મના ભરથાર થજો ! પણ તમારો વિયોગ કદાપિ ન થજો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ ગઢડા અંત્ય પ્રકરણના ૧૧મા વચનામૃતમાં સીતાજીની આવી સમજણનો વખાણતા કહ્યું છે : ''રઘુનાથજીએ વગર વાંકે લોકાપવાદ સારું સીતાજીને વનમાં મૂક્યા પણ સીતાજી દુઃખ પામ્યા નહિ અને કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહિ.''

ચૌદ-ચૌદ વર્ષ સીતાજીની સાથે વિચરણ કરતા છતાં તેમના મુખનું દર્શન ન કરનાર બ્રહ્મચારી - યતિવર લક્ષ્મણજીનું બ્રહ્મચર્ય આપણા કાળજાં વીંધી નાખે તવું અનન્ય છે.

હનુમાનજીની દાસત્વભક્તિના તેજ, વિભીષણની અસુરકુળમાં પ્રગટવા છતાં ભ્રાતૃભક્તિ છોડીને રામભક્તિની લગન, ગૃહરાજાની નિર્દોષ ભક્તિ અને શબરીની પ્રતીક્ષા. રામાયણમાં બધું જ આદર્શ છે.

આજે પણ ભગવાન શ્રીરામચંદ્રજીએ પ્રવર્તાવેલું 'રામરાજ્ય' આપણો આદર્શ છે. સુશાસન, સુવ્યવસ્થા, ધર્મ, શાંતિ અને સદાચાર જેવા સદ્‌ગુણોની પૂર્ણતાનો દ્યોતક આ શબ્દ એવો છે, જેની તુલના અન્ય કોઈ સાથે કરી શકાય તેમ નથી. એ શાસનથી આ દેશ ધન્ય બન્યો હતો.

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના ચોથા પ્રકરણના ૬૦મા અધ્યાયમાં 'રામનવમી'ના ઉત્સવના વિધાનનું નિરૂપણ કરતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી લખે છે :

'चैत्रे नवम्यां प्राक्पक्षे दिवा ऋक्षे पुनर्वसौ ।
उदये गुरुगौरांश्वोः स्वोच्चस्थे ग्रहपञ्चके ॥
मेषे पूषणि सम्प्राप्ते लग्ने कर्कटकाह्वये ।
आविरासीद्दशरथात्कौसल्यायां परः पुमान् ॥'

ચૈત્ર માસની શુક્લ પક્ષની નવમીને દિવસે પુનર્વસુ નામના નક્ષત્રમાં, ઉદયલગ્નમાં બૃહસ્પતિ અને ચન્દ્રમા આ બન્નેનો યોગ વર્તતો હતો ત્યારે, ગ્રહ પંચકમાં પોતે પોતાના ઊંચા ભવનમાં રહ્યે સતે, સૂર્ય મેષ રાશિમાં પ્રાપ્ત થયે સતે કર્કટ નામનું લગ્ન હતું. તે સમયે પરમ પુરુષ શ્રીરામચન્દ્ર દશરથથી કૌશલ્યામાં આવિર્ભાવ પામ્યા.આ નવમી તિથિ અષ્ટમીના વેધ રહિત-



આજે પણ ભગવાન શ્રીરામચંદ્રજીએ પ્રવર્તાવેલું 'રામરાજ્ય' આપણો આદર્શ છે. સુશાસન, સુવ્યવસ્થા, ધર્મ, શાંતિ અને સદાચાર જેવા સદ્‌ગુણોની પૂર્ણતાનો દ્યોતક આ શબ્દ એવો છે, જેની તુલના અન્ય કોઈ સાથે કરી શકાય તેમ નથી. એ શાસનથી આ દેશ ધન્ય બન્યો હતો.

મધ્યાહ્ન વ્યાપિની રામચંદ્રના પૂજન મહોત્સવમાં અને ઉપવાસમાં ગ્રહણ કરવી. જો બંને દિવસમાં મધ્યાહ્ન વ્યાપિની નવમી હોય અથવા અવ્યાપ્ત હોય તો નવમી બીજી જ કરવી. અષ્ટમી વિદ્ધા નવમી તિથિ પુનર્વસુ નક્ષત્રવાળી હોય, તો પણ ત્યાગ કરવી. બીજી જ ઉપવાસમાં ગ્રહણ કરવી. વિદ્ધાનો ક્ષય હોય, તો તે પૂર્વેની અષ્ટમી યુક્ત પણ ગ્રહણ કરવી. આ નવમીમાં ઉપવાસ નિરાહાર કરવો. અને રામચંદ્રનું પૂજન કરવું. આ ઉત્સવમાં રમાપતિ ભગવાનને મુકુટ, પીતાંબર ધનુષ્યબાણ તથા સુવર્ણમય કેડ્યે બાંધવાનું વસ્ત્ર ધારણ કરાવે. નૈવેદ્યમાં કેસરિયો બિરંજ, મોતિયા લાડુ, સાકર, દહીં અને દૂધ અર્પણ કરવું. બીજો વિધિ તો નિત્ય પ્રાપ્ત છે. આ દિવસે મધ્યાહ્નમાં કૃષ્ણને રામનામથી પૂજન કરે. અથવા રામના ચિહ્નોથી યુક્ત સુવર્ણના રામચંદ્રજી કરાવે. યુવાન, પ્રસન્ન મુખવાળા, સિંહના જેવી ગરદનવાળા, મહાન બળવાન લાંબા બંને હાથવાળા, બાણે સહિત ધનુષ્યને ધારણ કરનારા રામચંદ્રજી કરવા. ભક્ત ગીતવાજિંત્રપૂર્વક જેમ હોય તેમ રામની મહાપૂજા કરતો સતો શ્રી રામચંદ્રના જન્મનાં કીર્તનો ગાય અને ગવરાવે. નિરાહાર રામનવમીનો ઉપવાસ કરનાર ભક્ત બીજે દિવસે ફરીથી રામચંદ્રનું પૂજન કરી સાધુ અને બ્રાહ્મણોને ભોજનોથી તૃપ્ત કરીને પારણાં કરે.

આજના દિવસે જેમણે પોતાના અવતારકાર્ય દ્વારા સમાજમાં આદર્શોની સ્થાપના કરી છે એવા શ્રીરામચંદ્રજી ભારતવર્ષના હૃદય સિંહાસને આજે પણ બિરાજમાન છે. તેઓના જન્મોત્સવ નિમિત્તે ઉપવાસનું વ્રત કરવું જોઈએ. બપોરે ૧૨.૦૦ વાગ્યે આરતી કરી શ્રીરામ પ્રાગટ્યને વધાવવો જોઈએ. આજે ભારતના મોટા ભાગના મંદિરોમાં આ વિધિ કરવામાં આવે છે. જેમાં અયોધ્યા, નાસિક, તિરુપતિ અને રામેશ્વરમાં ઊજવતા ઉત્સવો ભારે ધામધૂમથી થાય છે.

**'સહજાનંદ સ્વામી રે, ન પ્રકટત આ સમે રે,**
**પ્રાણી કોઈ પામત નહીં ભવપાર રે;**
**મતિયાં ને પાખંડી રે, શબ્દની જાળમાં રે,**
**બાંધી બાંધી બોળત જીવ અપાર રે...સહજાનંદ ૦૧**
**કામી ક્રોધી લોભી રે, ગુરુ થઈ બેસતા રે,**
**જતિ સતી જડત નહિ જગમાંય રે;**
**જ્ઞાન ને વૈરાગ્ય રે, ભક્તિ ઝૂરીને રે,**
**મરી ઝરી જાત ન લાધત ક્યાંય રે...સહજાનંદ ૦૨**

**કાળીંગાની ફોજું રે, કરત અતિ જોરને રે,**
**કરી ગુરુ પંડિતામાં પરવેશ રે;**
**માંસ ને મદિરા રે, પરત્રિયા સંગ થી રે,**
**ધર્મનો રહેત નહિ લવ લેશ રે...સહજાનંદ ૦૩**
**વધત વટાળ રે, ઘણો આ સંસારમાં રે,**
**વર્ણ અઢારે થઈ એકતાર રે;**
**સંત ને અસંતમાં રે, કોઈ સમજત નહિ રે,**
**ભવજળ બૂડત સૌ સંસાર રે...સહજાનંદ ૦૪**
**નરકના પંથથી રે, કોઈ ન નિવારતા રે,**
**કોઈ ન કરત ભવસેતુ ઉદ્ધાર રે;**
**મુક્તાનંદ કહે છે રે, તેનાં દુઃખ ટાળિયાં રે,**
**જાઉં એને વારણે વારંવાર રે...સહજાનંદ ૦૫'**

અઢારમી સદીના ઘોર દુર્ભેદ્ય અંધકારને ઉલેચનાર સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણને ખૂબ ઉચિત અંજલિ અર્પતા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી ગાય છે : **'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું...'**

સને ૧૭૮૧માં બીજી એપ્રિલે, અયોધ્યા પાસે છપૈયા ગામે ઉચ્ચ સરવરિયા બ્રાહ્મણ કુળમાં પ્રગટેલા આ અવતારી મહાપ્રભુએ, બાળવયમાં જ તીવ્ર બુદ્ધિમત્તા, વિદ્વત્તા અને દિવ્યતાનો અસાધારણ અનુભવ કરાવ્યો; માત્ર ૧૧ જ વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કર્યો; માનસરોવરથી લઈને નેપાળમાં મુક્તનાથ-પુલહાશ્રમ સુધી ઉત્તુંગ હિમશિખરોમાં કઠોર તપશ્ચર્યા કરી; પૂર્વ ભારતના સુંદરવન જેવાં ઘોર જંગલોથી લઈને છેક કન્યાકુમારી સુધી ખુલ્લા પગે એકાકી વિચરણ કર્યું અને ભારતભરના પરિવ્રાજક બનીને છેલ્લે ગુજરાતમાં પ્રવેશ કર્યો; એ વખતે અઢારમી સદી વળાંક લઈ રહી હતી એમની તીક્ષ્ણ નિરીક્ષક બુદ્ધિએ **ભારતવર્ષનું બારીક અવલોકન** કર્યું હતું. ઈતિહાસકારો જેને 'The darkest period of history' કહી વર્ણવે છે એ અઢારમી સદીના ઘોર અંધકારમાં રિબાતા ભારતીય સમાજની દુર્દશાએ, એમના કરુણામય હૃદયને કરુણાથી છલકાવી દીધું હતું.

એક સમયે વિશ્વની 'તમામ સંસ્કૃતિઓનું પારણું' બનનાર કે 'સમગ્ર માનવજાતની જનેતા' બનીનો **'વિશ્વગુરુ'** તરીકે પ્રતિષ્ઠા પામનાર ભારતવર્ષના અઢારમી સદીના એ સમયને ઈતિહાસવિદો આલેખતાં લખે છે :



અઢારમી સદીના ઘોર દુર્ભેદ્ય અંધકારને ઉલેચનાર સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણને ખૂબ ઉચિત અંજલિ અર્પતા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી ગાય છે **: 'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું...'**

"બધાં જ સ્તર પર વ્યાપેલો આવો સખત ત્રાસ ભારતમાં પૂર્વે ક્યારેય ન હતો. દેશી રાજ્યો અવ્યવસ્થિત હતાં. સમાજ વિસર્જનના આરે આવીને ઊભો હતો. લોકો આપખુદી સત્તાધીશોથી કચડાઈ ગયા હતા. અને વધારે પડતા મનસ્વી વેરાથી પાયમાલ થઈ ગયા હતા. દેશ લૂંટારાઓથી ઊભરાતો હતો. અને તેના બધા જીવન-જરૂરી સ્ત્રોતોને દુશ્મનો દ્વારા વેરણછેરણ કરવામાં આવતા હતા. લશ્કર માત્ર લૂંટ માટે, ત્રાસ ગુજારવા માટે અને સત્તાધીશો સામે બળવો કરવા માટે હતું. સરકારનું અસ્તિત્વ મટી ગયું હતું. બાકી રહ્યા હતા ફક્ત ઘાતકી જુલમો અને કંગાલિયત."

(એચ.એચ. ડોડવેલ, 'કેમ્બ્રિજ હિસ્ટરી ઓફ ગુજરાત')

'ઈસ્ટ ઈન્ડિયા કંપની'ના મુંબઈના ગવર્નર **સર જહોન માલકમ**ના અહેવાલ પ્રમાણે જોઈએ તો એ સમયે પૂર્ણપણે અંધાધૂંધી ફેલાઈ હતી. પરસ્પરની લોહીયાળ લડાઈઓ અને લૂંટફાટને કારણે જમીનો ખેડ્યા વિનાની એમ ને એમ પડી રહેતી હતી. આઠ લાખની મિલ્કતનો નાશ કરીને, કાઠિયાવાડના ૧૩૬ ગામોને લૂંટીને કચ્છી લૂંટારાઓ ચાલીસ હજાર પશુઓને હાંકી ગયા હતા.

એ સમયે ધાર્મિક ક્ષેત્રે થયેલી દુર્ગતિ પણ ખૂબ હતાશા પ્રેરક હતી. ભોળી, અજ્ઞાની અને વહેમી ભારતીય પ્રજાને દબાવી દબાવીને ધર્મગુરુઓ-સાધુઓ-બાવાઓની જમાત પોતાની જંગલિયતને પોષતી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન પરમહંસ **સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી** એ સમયે તમામ સ્તરે થયેલી ચારિત્ર્યભ્રષ્ટતાની વાત કરતાં લખે છે :

**'અસત્ય ગુરુએ અવળું બતાવી, દીધો અધર્મ ધર્મ ઠરાવી;**
**રાજા ઉન્મત્ત થઈ અપાર, કર્યો સત્ય ધર્મનો સંહાર.**
**આપે પાપ કરે અણલેખે, તેમ પ્રજા કરે દેખા દેખે;**
**નરનારી નિયમમાં નથી, કહીએ તેની ભૂંડાઈ શું કથી.**
**રાજા પ્રજા તજી સત્ય રીતિ, આપ સ્વાર્થે કરે છે અનીતિ; ત્યાગી ગૃહી તજી નિજધર્મ, વિષય સારુ કરે છે વિકર્મ.**
**નર નારી અપાર છે કામી, કરે ગોત્રમાં ગમન હરામી; નથી ધર્મમાં મતિ કોઈની, એવી ખબર લાવ્યા આ મુનિ.'**

(ભક્ત ચિંતામણી : પ્ર-૬, પ્ર-૭)

વૈદિક ધર્મના તમામ આદર્શોને વિસારી દઈને મદ્ય, માંસ અને મૈથુનમાં જ કહેવાતા ધાર્મિકોનો ધર્મ સમાઈ જતો હતો. એ અરસામાં મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાંથી જ મહાજને ૬૦ મણ માંસ કઢાવ્યું હતું જે તેણે

પ્રીતિભોજન માટે તૈયાર કરાવ્યું હતું.

(ત્રિભુવન વ્યાસ, બારમું ગુજરાતી સાહિત્ય અધિવેશન અહેવાલ)

આવા અંધકારમય યુગમાં **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય** કેટલું સમસામયિક, ઉચિત અને એ અંધકારને વિદારનારું બની રહ્યું હતું !!!

ગુજરાતના સાક્ષર **શ્રી યશવંત શુક્લ** લખે છે : ''જ્યાં અનિશ્ચિતતા હતી, અંધાધૂંધી હતી, અવ્યવસ્થા હતી ત્યાં આવી તેમણે ૩૦ વર્ષ કાર્ય કર્યું. ૧૮૦૧માં તેમનું ગુજરાતમાં આવવું, એટલે કે અઢારમી સદીનું પુરું થવું ને ૧૯મી સદીનો આરંભ થવો, તે સમયે એટલે કે બરાબર યુગના વળાંક ઉપર ભગવાન સ્વામિનારાયણ અહીં આવ્યા, પોતે એક **યુગસર્જક** બની ગયા.''

અને કવીશ્વર **ન્હાનાલાલ**ના શબ્દોમાં કહીએ તો 'મહાપુરુષો સંસારને **સંજીવની** છાંટે છે. સ્વામિનારાયણે આપણા ગુજરાતના સંસારને સંજીવની છાંટી સજીવન કીધો હતો. સ્વામિનારાયણે શું કર્યું ? એ ઈતિહાસ પ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો જ છે કે શ્રીજીમહારાજે ગુજરાતને સરયૂનીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો. **નવયુગના પ્રભાત**ના સ્વામિનારાયણ **પ્રભાતસૂર્ય** હતા.'

પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક **શ્રી કિશોરલાલ મશરૂવાળા**એ તત્કાલીન **સમાજ સંદર્ભ**ના **પરિપ્રેક્ષ્ય**માં લખ્યું છે : ''જે સમયે ગુજરાત-કાઠિયાવાડમાં અંધકાર છાઈ રહ્યો હતો, તે વખતે પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી તેમને ગુરુવચને ચૂરેચૂરા થઈ જાય એવા સ્વવશ કરી મૂકનાર, કાઠી-કોળી જેવા અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર, લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જ્વલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર, અહિંદુને હિંદુ ધર્મમાં શામિલ કરનાર, શૂદ્રોને આચારશુદ્ધિ શીખવનાર, સાહિત્ય-સંગીત તથા કળાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમા ધર્મના ઉપદેશક, શૌચ અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક, ભાગવતધર્મના શિક્ષક તથા વ્યાસસિદ્ધાંતના બોધક એવા **શ્રી સહજાનંદ સ્વામી** હતા.''

''શ્રી સહજાનંદ સ્વામીએ લગભગ ૩૦ વર્ષ સુધી સતત પરિશ્રમ લઈ લોકોને શુદ્ધ માર્ગે ચઢાવ્યા; પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડ્યો. ઊંચી, હલકી, હિન્દુ, અહિન્દુ સર્વ કોમોને પોતાનો સંદેશો પહોંચાડવા એમણે જે યોજક બુદ્ધિ ખર્ચી, જોખમો ખેડ્યાં અને સાધકો તૈયાર કર્યા તે બુદ્ધદેવની સ્મૃતિ કરાવે છે. **પોતાના કાળના પ્રસિદ્ધ પુરુષોમાં સહજાનંદ સ્વામી સૌથી મહાન હતાં.** તે કાળના મુમુક્ષુઓને **પુરુષોત્તમ** તરીકે ઉપાસના કરવા યોગ્ય હતા.''

ભગવાન શ્રી સ્વામિનારાયણના વિરાટ વ્યક્તિત્વને અંજલિ અર્પતા ગુજરાતના જાણીતા સાક્ષર **શ્રી ચંદ્રવદન મહેતા** પોતાના શબ્દોમાં લખે છે : ''ગુજરાતને અધમદશામાંથી ઉગારનાર અને અણીને વખતે આવીને ગુજરાતનો ઉદ્ધાર કરનાર, અધમોદ્ધારક ને પતિતપાવન સહજાનંદજીને **દરેક ગુજરાતીના વંદન** છે.''

એટલું જ નહિ, પરંતુ કળિકાળના કપરા સમયમાં પણ સ્વયં પ્રાદુર્ભાવ પામીને તે સમયમાં (સને ૧૮૦૦ના સૈકામાં) ભયંકર બનેલા સમગ્ર ભારત દેશને પણ ભવ્ય અને નવ્ય બનાવવા માટે સમગ્ર દેશમાં પગપાળા જ પર્યટન કરીને તેને પાવન કરનાર, સુખકારી સદ્ધર્મ અને કલ્યાણકારી ભક્તિમાર્ગનું સ્થાપન કરી, દિવ્ય પૂજા પદ્ધતિ વગેરેનું સ્વયં (ભગવાન હોવા છતાં) આચરણ કરીને પણ સ્વ-આશ્રિતોને તે માર્ગે ચલાવનાર અને આ રીતે અનેક પ્રકારે પૃથ્વી ઉપરથી અધર્મનું ઉન્મૂલન કરી, શાંતિમય સદાચારનું શાસ્ત્રોક્ત પ્રમાણે સામ્રાજ્ય સર્વત્ર સ્થાપન કરનાર એક અદ્વિતીય પુરુષ, **પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ**ને **પ્રાદુર્ભાવ**-જન્મ જયંતિ **પ્રસંગે** પૃથ્વીમાં આસમુદ્રાન્ત દેશ-વિદેશમાં આઠે દિશામાં વસતા **સમગ્ર ભારતવાસીઓના પણ કોટિ કોટિ વંદન...**

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના પાંચમા પ્રકરણના ૬૯મા અધ્યાયમાં 'શ્રીહરિ જયંતી'ના ઉત્સવના વિધાનનું નિરૂપણ કરતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી લખે છે :

શ્રીહરિના જન્મ-દિવસને વિષે ઉપવાસ સહિત મહોત્સવ કરવો જે ઉપવાસથી સમગ્ર ઈચ્છિત ફળ સિદ્ધ થાય છે. માયિક પદાર્થોની ઈચ્છા રહિત ત્યાગી પુરુષ પણ આ વ્રતથી જ્ઞાન-વૈરાગ્યની સિદ્ધિ અને ભક્તિની પુષ્ટિને પામે છે. ધર્માર્થી ધર્મને પામે છે, કામાર્થી સર્વ કામોને પામે છે, ધનાર્થી ધનને પામે છે, મોક્ષાર્થી ઈચ્છિત મોક્ષને પામે છે. ભાર્યાર્થી ભાર્યાને પામે છે, પુત્રાર્થી ઉત્તમ પુત્ર પામે છે, માટે ચૈત્ર માસના શુકલ પક્ષની નવમીમાં આ વ્રત કરવું. ચૈત્ર માસની સુદી આ નવમી તિથિ અષ્ટમીના વેધ રહિત સૂર્યોદય વ્યાપિની વ્રતીઓએ ઉપવાસમાં ગ્રહણ કરવી. જ્યારે આ નવમી, અષ્ટમીના વેધ રહિત અધિક હોય અથવા અષ્ટમીવેધ યુક્ત ક્ષય પામેલી હોય ત્યારે તો પ્રથમની જ વ્રતમાં ગ્રહણ કરવી. જ્યારે પહેલે દિવસે (અષ્ટમીના વેધવાળી નવમીને દિવસે જ) રાત્રિમાં અશ્વિની નક્ષત્ર મુહૂર્તમાં (દશ ઘડી પરિમિત રાત્રિના અતિક્રમણ સમયે જ ) નવમી તિથિ-સોમવાર અને પુષ્ય-નક્ષત્રનો યોગ હોય અને તે યોગ જો સૂર્યોદય વ્યાપિની નવમીને દિવસે ન હોય ત્યારે તો અષ્ટમી વિદ્ધા પણ તે જ નવમી તિથિ વ્રતોત્સવમાં ગ્રહણ કરવી, કારણ કે તેવો યોગ હરિના જન્મમાં હતો.

સ્ત્રીઓએ સહિત ચાર વર્ણનાં જનોને આ શ્રીહરિ જયંતી-વ્રતમાં અધિકાર છે માટે પુરુષો અને સ્ત્રીઓએ હરિનું આ વ્રત કરવું. શ્રીહરિનાં આશ્રિત સ્ત્રીપુરુષોએ આ વ્રતમાં સર્વ પ્રકારે નિરાહાર ઉપવાસ કરવો. આ વ્રતમાં બાળક, વૃદ્ધ અને રોગી વિનાનાએ ફલાહાર પણ ન કરવો. ઉપવાસ યુક્ત શ્રીહરિનાં આશ્રિતજનોએ રાત્રિમાં શ્રીહરિની મહાપૂજા કરવી અને જાગરણ કરવું. વ્રતના દિવસની પૂર્વે અષ્ટમીને દિવસે મિતાહારી પુરુષ નવમીને દિવસે સૂર્યોદય પહેલાં ઊઠીને શ્રીહરિકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરતો થકો દેહશુદ્ધિ કરે. નવમીને દિવસે મુખશુદ્ધિ માટે ગાળેલા સ્વચ્છ જળના બાર કોગળા કરવા. કાષ્ટથી દાતણ કરવું નહીં. સ્નાનાદિ કર્મ કરીને પછી શ્રીહરિને નમસ્કાર કરીને વ્રત કરનારો પુરુષ શ્રીહરિની સમીપે આ મંત્રથી નિયમ ગ્રહણ કરે. હે જગત્પતે ! હે હરે ! આ દિવસે અહોરાત્ર નિરાહાર રહીશ. આવતે દિવસે તમારું પ્રસાદીઅન્ન ભક્ષણ કરીશ. મારું આ વ્રત તમોએ પરિપૂર્ણ કરવું. આ પ્રમાણે વ્રત-કર્તા જન નિયમ ગ્રહણ કરી નિત્યકર્મ સમાપ્ત કરે તે દિવસે વ્યાવહારિક કાર્ય ન કરે. જે ક્રિયા શ્રીહરિ સંબંધી હોય તે જ કર્મ કરવું. બ્રહ્મચર્ય પાલન કરવું, ક્રોધ તો સર્વથા ત્યાગ કરવો. સ્ત્રીઓને જોવાથી, સ્પર્શથી અને સ્ત્રીઓ સાથે સંભાષણથી પણ બ્રહ્મચર્ય નાશ પામે છે. પોતાની ભાર્યાથી તો અંગસંગથી જ બ્રહ્મચર્ય નાશ પામે છે. દિવસની નિદ્રા, તામ્બુલ-ભક્ષણ અને એક પણ અન્નકણનું ભક્ષણ તથા વારંવાર જળપાન, ઉપવાસનો નાશ કરે છે. સ્ત્રીઓએ આ વ્રતને દિવસે શોક કરવો નહિ તથા રડવું, સૂતર કાંતવું, ઘણાં વસ્ત્રો ધોવાં તથા સીવવું તથા કલહ; આ કાર્યો કરવાં નહિ. વ્રતવાળો પોતાની શક્તિને અનુસરી દિવસે સમગ્ર પૂજાના ઉપહારો મેળવીને રાત્રિએ હરિનું પૂજન કરે. તે દિવસે પવિત્ર દેશમાં કેળના થાંભલાઓ, સુંદર વસ્ત્રો, અને પુષ્પો, અશોક, આંબાનાં પલ્લવોથી અતિ સુશોભિત મંડપ કરવો. પછી તેના મધ્યમાં રંગોળીથી શોભાયમાન ઉત્તમ બાજોઠમાં પાંચ વર્ણના રંગોથી રંગાયેલા અક્ષતોથી વિરચિત સર્વતોભદ્ર સંજ્ઞાવાળા શુભ મંડલમાં અથવા તંદુલના અષ્ટ દલમાં વ્રતી છિદ્ર રહિત જળથી પૂર્ણ તાંબાનો કળશ સ્થાપન કરે. માણિક્યાદિ પંચરત્ન યુક્ત-પાંચ પલ્લવો સહિત આ કળશની ઉપર સુશોભિત અમૂલ્ય વસ્ત્રથી રચિત આસનમાં,



યથાશક્તિ કરેલી શ્રીહરિની સુવર્ણની પ્રતિમા સ્થાપન કરે. જે મંદિરમાં ભક્તિ-ધર્મ યુક્ત આ શ્રીહરિકૃષ્ણની સ્થિર પ્રતિમા હોય અથવા ચલાયમાન પ્રતિમા હોય, વ્રતી તે મંદિરમાં ભક્તિ-ધર્મયુક્ત હરિકૃષ્ણની પ્રતિમાનું જ યથાવિધિ પૂજન કરે. તે વિના બીજા સ્થાનમાં પૂજન માટે શ્રીહરિની પ્રતિમા સુવર્ણની કરવી. શ્રીહરિના જમણા ભાગમાં તેવા પ્રકારની સુવર્ણની ભક્તિની પ્રતિમા સ્થાપવી અને ડાબા ભાગમાં તેવા પ્રકારના સુવર્ણના ધર્મ સ્થાપન કરવા. શ્રીહરિના પશ્ચિમ ભાગમાં હાથમાં છત્રને ધારણ કરતાં સંકર્ષણ સ્થાપન કરવા. ધર્મ અને ભક્તિના આગળ ભાગમાં પ્રદ્યુમ્ન-અનિરુદ્ધ : આ બે ચામરોએ સહિત સ્થાપન કરવા. આ સંકર્ષણાદિ ત્રણ, શક્તિ - અશક્તિને અનુસારે સુવર્ણના અથવા ચાંદીના જાણવા તથા હરિની આગળ રહેલા ઉદ્ધવ ચાંદીના સ્થાપન કરવા. પછી વ્રતી ધર્માદિ સહિત હરિની મહાપૂજા કરી તેમની કથા-શ્રવણાદિથી જાગરણ કરે. નિરાહાર ઉપવાસ કરવામાં અશક્ત, બાલ, વૃદ્ધ અને રોગી વિના બીજો કોઈ હોય તો રાત્રિએ હરિની પૂજાના અંતમાં લગારેક ફલાહાર કરે અથવા પાશેર દૂધ પીએ. પ્રાતઃકાલમાં શ્રીહરિની ફરીથી પૂજા કરીને વિસર્જન કરે. પ્રતિમા વિપ્રને આપી સાધુઓ અને બ્રાહ્મણોને જમાડે. પછી વ્રતી સ્વજનોની સાથે પારણાં કરે : આ પ્રકારે વ્રત કર્યે સતે સર્વે મનોરથો સફલ થાય.

પૂજન વગેરેમાં અશક્ત પુરુષ તો બીજા ગૃહસ્થ ભક્તજને પૂજેલા શ્રીહરિના દર્શન કરી સ્નેહથી પ્રણામ કરે. તથા શ્રીહરિના એકાંતિક ભક્ત એવા સાધુઓનાં દર્શન કરીને ભક્તિથી પ્રણામ કરે. અશક્ત પુરુષ તેટલા માત્રથી પૂજનનું ફળ તત્કાલ જ પામે, માટે સમગ્રજનોએ આ વ્રત સર્વ પ્રકારે કરવું. બાલ, વૃદ્ધ અને રોગી વિના સર્વ પુરુષોએ અને સ્ત્રીઓએ જીવનપર્યન્ત દરેક વર્ષે આ વ્રત કરવું.

આજના દિવસે સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું પણ પ્રાગટ્ય થયું હતું. તેથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિ જયંતીના દિવસે રાત્રે દેશ-વિદેશોના દરેક શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય જન્મોત્સવ ઊજવાય છે. રાત્રે ૧૦.૧૦ વાગ્યે આરતી ઉતારવામાં આવે છે. આ દિવસે આબાલ-વૃદ્ધ શક્તિ ઉપરાંત દઢતા રાખી ભરઉનાળાનો દિવસ હોવા છતાં નિર્જળ ઉપસાવ કરે છે.



અમદાવાદમાં અંગ્રેજ અમલદાર એરણ સાહેબ સાથે

# ભગવાન શ્રી સ્વામિનારાયણની નીતિવિષયક ચર્ચા

અંગ્રેજ અમલદાર એરણ સાહેબની વિનંતિથી **ભગવાન શ્રીહરિ** અઢારમી વખત અમદાવાદ સંતો-ભક્તો સહિત પધાર્યા હતા. નવાવાસમાં ઉતારો કરીને રસોઈ કરાવીને સંતો-ભક્તોને જમાડ્યા. પછી ભગવાન શ્રીહરિને બોલાવવા એરણ સાહેબના **ચોપદાર** આવ્યા. તેમણે કહ્યું : ‘‘હે પ્રભુ ! સાહેબને આપના ઉપર ઘણો ભાવ છે. માટે આપ તેમના બંગલે પધારવા કૃપા કરો, કારણ કે કુસંગીઓ સાહેબ આગળ યુક્તિથી આપનું ઘસાતું બોલતા રહે છે જે બીજાને સમજ્યામાં ન આવે. સાહેબે તે લોકોને કહ્યું કે તમને સત્સંગી કેવા દેખાય છે ? તમે બહુ બુદ્ધિશાળી છો માટે સત્સંગીઓ કેટલા ફેલ તથા વ્યસન કરે છે તે તમે જાતે જાણતા હો તેટલું જ કહેજો. બીજાનું બોલેલું કહેશો નહિ. અમે પરદેશી લોકો તમે ગમે તેમ કહો તે સાચું માનીએ તેમ ન સમજશો. ત્યારે તે લોકો બોલ્યા કે તે તો કાંઈ જાણ્યામાં આવતું નથી. ત્યારે સાહેબ બોલ્યા કે તમે જુઠું બોલો તે વ્યાજબી નથી. આ સાંભળીને તેઓ બોલતા બંધ થઈ ગયા. સૌથી મોટા સાહેબ છે તે બહુ બુદ્ધિશાળી છે. આ લોકને પરલોક સુધરે તેવી તથા સત્સંગના ઉપયોગમાં આવે તેવી તેમની બુદ્ધિ છે.’’

આટલી વાત થયા પછી શ્રીજીમહારાજ **સાહેબને બંગલે** જવા તૈયાર થયા. ચાર-પાંચ મોટા સંતો તથા એક-એક તલવારે યુક્ત ચાર પાર્ષદોને લીધા. કાઠી તથા ક્ષત્રિય રાજાઓને કહ્યું કે તમે કોઈ હથિયાર ન લેશો. સાહેબ જેટલાને ઉપર બોલાવે તેમણે ઉપર આવવું. બીજાએ નીચે બેસવું. આમાં જેને દુઃખ ન લાગે તે અમારી સાથે આવજો. એમ કહી બધાને સાથે લઈ અશ્વ ઉપર બેસી ભગવાન શ્રીહરિ ચાલ્યા.

ભદ્ર પાસે પહોંચ્યા ત્યારે સાહેબના ચોપદારે સાહેબને કહ્યું : ‘‘સાહેબ ! ભગવાન શ્રી સ્વામિનારાયણ પધાર્યા છે.’’ તેથી સાહેબ બંગલામાંથી નીકળી સન્મુખ આવી મળ્યા, નમસ્કાર કર્યા, કુશળ સમાચાર પૂછ્યા અને બોલ્યા : ‘‘હે પ્રભો ! પરલોક સુધરે તેવા **પરમ મિત્ર** મળ્યા તેથી અમારા બધા કામ સુધર્યા. ’’ એમ કહી હાથ ઝાલી બંગલા ઉપર લઈ ગયા. ત્યાં ચાંદીની ખુરશી ઉપર બેસાડ્યા. પછી મોતીરામ ચોપદારે સાહેબને કહ્યું : ‘‘ચાર-પાંચ સંતોને સાથે લાવ્યા છે, આપ કહો તો તેમને ઉપર બોલાવું.’’ ત્યારે સાહેબ કહે : ‘‘બોલાવ્યા વિના ચાલે નહિ એટલાને ભગવાન સ્વામિનારાયણની મરજી પ્રમાણે બોલાવો.’’ ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ‘‘ચાર-પાંચ સંતો છે તેમને તથા ઉત્તમ, સોમ, સુરો, અલૈયો, મોકા આદિ ખાચરો તથા હેમંતસિંહ એટલાને ઉપર લાવો.’’ એટલે કુબેરસિંહ એટલા હરિભક્તોને ઉપર બોલાવી લાવ્યા અને તેઓ કહ્યા પ્રમાણે બેઠા. પછી સાહેબ કહે : ‘‘અમે જગ્યા આપી છે તે આપે જોઈ હશે. વધારે જોઈએ તો કહેજો ઉજજડ જગ્યા જે બાકી છે તે બધી મળે તેમ છે તો આપ રાખી લેજો, કારણ કે દિવસે દિવસે આપનો ઉદય થતો જાય છે. **શુભ નીતિ જેને પ્રિય છે તેવા માણસો આપના**

**આશ્રિત થતા જાય છે.** તેથી તેમની **મોટપ** વધે છે. અમે નીતિને માનનારા છીએ. અનીતિમાન લોકોને અમો લોકોના **શત્રુ** માનીએ છીએ અને તેમને વશ કરતાં અમને આવડે છે, જેથી તેમનું પરાક્રમ કાંઈ ચાલતું નથી. અમારાથી પણ તમારામાં વધારે ઈલમ છે. કારણ કે શુભ નીતિ વિનાના પશુ સમાન લોકોને બોધ આપીને મનુષ્ય કરો છો. આપના પ્રસંગથી અમને પણ **પરલોકની વાત** સત્ય મનાય છે. પણ તે યથાર્થ સમજાય તેવી રીતે વાતો કરો.''

ત્યારે **ભગવાન શ્રીહરિ** કહે : ''લૌકિક વાત લખેલી હોય તે માન્યામાં આવે છે. મોઢાની વાતનો નિર્ધાર નહિ હોવાથી તેનાથી વ્યવહાર ચાલતો નથી. શુકજીના પિતા વ્યાસજીએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ **ચારેય પુરુષાર્થનું પ્રતિપાદન** કર્યું છે. જે ઈશ્વર વિના બીજાથી થઈ શકે નહિ. લૌકિક વ્યવહારમાં સાહેબલોકો સમજણા હોય છે. જેમ ધારે તેમ કરે છે. જેમ પારેખ લોકો ખરા-ખોટા રૂપિયાને દેખીને તુરત ઓળખે છે, તેમ લૌકિકમાં પણ તેના પારેખ હોય છે. લૌકિક નાશ પામે છે, અલૌકિક નાશ પામતું નથી. માણસ જેવી વિદ્યા ભણે તેવો અધિકાર પામે છે તેમ જેવા માર્ગે ચાલે તેવું સુખ પામે છે. લૌકિક વિદ્યાનું તુચ્છ ફળ છે, અલૌકિક વિદ્યામાં **અવિનાશી સુખ** રહેલા છે. સત્સંગ **અલૌકિક માર્ગ** છે, તેણે કરીને મનુષ્ય-પશુ-પંખી-વૃક્ષ-વેલી પણ **તીર્થરૂપ** બની જાય છે.'' આ સાંભળી સાહેબ બોલ્યા : ''અમારામાં ચોરી, વ્યભિચાર નથી પણ માંસ ભક્ષણ, દારુ વગેરે લેવાની રીત શરીરના જતન માટે છે. પરંતુ આ દેશમાં આવીને તમારા પ્રસંગથી તેમાં અમે દોષ જાણ્યો, તો અમારા લોકોનો મોક્ષ કેવી રીતે થાય તેનો સંશય રહે છે. જો કે ભારતમાં પૂર્વદેશમાં વિપ્રો માંસભક્ષણ કરે છે. પૂર્વદેશના વિપ્રો અમારે ત્યાં નોકરીમાં રહે છે તેથી અમે તે જાણીએ છીએ. તો પછી ક્ષત્રિયોની શી વાત ? આપના શાસ્ત્રો જોતાં સુરાપાન, માંસભક્ષણ, વ્યભિચાર એ અસુરોના કર્મ ગણાય છે. બ્રહ્માના પુલસ્ત્ય થયા ને પુલસ્ત્યના વિશ્રવા થયા. વિશ્રવાના રાવણ, કુંભકર્ણ, વિભીષણ થયા. તેમાં વિભીષણે કુમાર્ગ તજીને ભગવાન ભજવાનો માર્ગ લીધો તેથી તેનો મોક્ષ થયો. પણ રાવણ અને કુંભકર્ણ બેય વિપ્ર થઈને **નિંદિત કર્મ** કરવા લાગ્યા તેથી તે **દૈત્ય**-અસુરમાં લેખાયા. અમારે ત્યાં સુર-અસુરની વાત નથી, તેથી મોક્ષની કોઈને ગમ નથી. પહેલા અમે તો વસ્ત્રો પહેરવામાં પણ સમજતા નહિ પણ અત્યારે બુદ્ધિશાળી થયા છીએ. અને અમારી બુદ્ધિથી મોટા મોટા રાજાઓથી પણ અધિક થયા તેનું કારણ શું ?''

ભગવાન શ્રીહરિ કહે : **''કોઈ વખતે તમે સત્પુરુષને તન, મન અર્પીને સેવા કરી હશે તેની કૃપાનું ફળ છે.** અહીં જ્યારે મનુષ્યને મારી ખાય તેવા લોકો થયા ત્યારે સત્પુરુષની ઈચ્છાથી તમે આવ્યા. તમારી વાત સત્પુરુષના હાથમાં હોય તેમ જણાય છે, કારણ કે સત્પુરુષ ને પ્રજા રાજી થાય તેમ તમે વર્તો છો. અને તે પ્રમાણે વર્તે તે આ લોક ને પરલોકમાં સુખી થાય છે. આ લોકમાં જે સત્સંગીની રક્ષા કરે છે તેને **સત્પુરુષ** જાણે છે અને દારુણ દુઃખથી (જન્મ-મરણથી) છોડાવે છે, કારણ કે અહિં જેવું તમારું ચાલે છે તેવું પરલોકમાં સત્પુરુષનું ચાલે છે.''

ત્યારે **એરણ સાહેબ** કહે : ''ન્યાયની રક્ષા કરવી તથા ન્યાય ઉપર ચાલવું એ સહેલું છે, પણ કામ-ક્રોધ-લોભનું જ્યારે પૂર આવે ત્યારે વિદ્વાન હોય તેને પણ ભાન રહેતું નથી. તે વખતે ન્યાયનું જ્ઞાન રાખે તેને અમે **સત્પુરુષ** કહીએ છીએ. કારણ કે ધન-નારીમાં જગત માત્ર બંધાયું છે. તમે તે બેયનો ત્યાગ કરીને વર્તો છો. એટલું જ નહિ પણ તેનો યોગ થવા છતાં તેમાં બંધાતા નથી. માટે તમારા સમાન કોઈ સમર્થ નથી એમ અમે માનીએ છીએ.''

પછી **શ્રીજીમહારાજ** કહે : ''અમારે આ શહેરમાં મંદિર કરવાની ઈચ્છા છે પણ મોટા મતપંથીઓ અમારા **વિરોધી** છે. તે મંદિર કરવામાં **વિઘ્ન** કરે એમ માની અમે કરતા નથી. આ અમારી વાત તમોને કહી. અમારા હરિભક્તોને પણ મંદિર કરવાનો ઘણો ભાવ છે.''


ત્યારે સાહેબ બોલ્યા : ''તમારા ભક્તોનો ભાવ પૂરો કરો. અમારે પણ એટલો ભાવ છે કે મંદિર કરવા **જગ્યા** આપીએ, અને તમારું કોઈ નામ ન લે તેવો **બંદોબસ્ત** રાખીએ એટલા માટે જ આપને બોલાવ્યા છે. **આપના મંદિરો કરાવવામાં ઘણાજ ગુણો રહ્યા છે** તે સાહેબ લોકો જાણે છે. **કેટલાક મતમાં અવેરી થાય છે, જો આપનું મંદિર થાય તો તે બંધ થઈ જાય.** માટે દેશોદેશમાં આપના મંદિર કરો. કોઈથી ડરશો નહિ, જ્યાં જ્યાં અમારા સાહેબો છે ત્યાં ત્યાં આપની **બરદાસ્ત** રાખશે. તમારું મંદિર થવાથી બીજા મંદિરોવાળાની નિંદિત વાતો ઉઘાડી પડવાથી તે અનાચાર ઘટી જશે. આ ભરતખંડમાં યવન વિના બીજા જે છે તે તમામ વેદ, પુરાણના વિધિનિષેધ પ્રમાણે ચાલે છે તે **નિર્દોષ** કહેવાય. યવનમાં પણ તેમનું હિત કરવા ઓલિયા થયા તેમણે **કુરાન** લખ્યું. તેમના વચનમાં જે ચાલે તે સ્વર્ગે જાય, બીજા નરકમાં જાય છે. અમારા ઈષ્ટદેવ **ઈશુખ્રિસ્ત** છે. તેમણે તપે કરી ભગવાનને પ્રસન્ન કર્યા. ભગવાને કહ્યું તેમ તેમણે પુસ્તક (બાઈબલ) લખ્યું. અમે તે પ્રમાણે વર્તીએ તો સુખી થઈએ. રવિવારે અમે ભેગા થઈને **ભગવાનનું સ્મરણ** કરીએ છીએ. તે દિવસે વ્યવહારનું કામ કરતા નથી. પાદરી લોકો અમારા ગુરુ છે. તે અમારા બાળકોને અમારી રીત (ધર્મ) શીખવાડે છે અને

અનુસંધાન પેજ નંબર ૩૧ પર

# કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારી લેવો.

**સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી**ના અનુભવ જ્ઞાનના અનંત કરોડ અબજના ખજાનામાં નાનકડા ગવાક્ષમાંથી એક દૃષ્ટિ

સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ સંદિપ ભગત
ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય મહાપુરુષોને નીપજાવતી મહાઆકાર છે. મધુમાસની શીતળ રાત્રિમાં જેમ તારાઓ ચમકતા હોય તેમ આ સંપ્રદાયના અનેક મહાપુરુષોએ પોતાની અનોખી ચમકથી તત્કાલિન સમાજને આશ્ચર્યચકિત કરી દીધો હતો.

આત્યંતિક કલ્યાણ એ જ મનુષ્ય શરીરનું પરમ કર્તવ્ય છે અને પ્રગટ સર્વોપરી ભગવાન શ્રીહરિના સ્વરૂપજ્ઞાન વિના આત્યંતિક કલ્યાણ શક્ય જ નથી અને જન્મોજન્મના કર્મોથી બંધાયેલ વાસનાના પડળો જ્યાં સુધી નહી તૂટે ત્યાં સુધી ભગવાન શ્રીહરિના સ્વરૂપનું અનુભવજ્ઞાન શક્ય જ નથી ! એ વાત આપણા નંદસંતો ખૂબ સારી રીતે જાણતા હતા. અને એટલા જ માટે ગામડે-ગામડે વિચરણ કરીને અનેક જીવાત્માઓને આ વાત સમજાવવા માટે એ ભગવી-ફોજ નીકળી પડી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન નંદસંતો પૈકી દરેકની પોતાની એક આગવી ઓળખાણ હતી. કોઈ મહાન વિદ્વાન તરીકે પંકાયા હતો તો કોઈ શ્રેષ્ઠ કવિ તરીકે, કોઈ મહાન ગાયક કે સંગીતકાર હતા તો કોઈ મહાન વક્તા હતા. પરંતુ તે બધામાં પોત-પોતાની અલગ કળાઓ હોવા છતાં એક વાતમાં બધાને સામ્ય હતું અને તે હતું ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરીનિષ્ઠા...!!

તેમાંના જ એક મહાપુરુષ એટલે જૂનાગઢના આદિમહંત સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી. ૪૦ વર્ષ ૪ માસ અને ૪ દિવસ સુધી જૂનાગઢના સભામંડપને ભગવાન શ્રીહરિની સર્વોપરી વાતોથી ગુંજતો રાખ્યો હતો. જેના પડછંદા હજુ આજે પણ માત્ર જૂનાગઢમાં જ નહીં, માત્ર સોરઠ દેશમાં જ નહિ પણ સમગ્ર સંપ્રદાયમાં સંભળાય છે.

સ્વામી પોતાની અનુભવની ચાળણીમાંથી ગળાઈને નીકળતા શબ્દોની સરવાણી વહાવતા હોય ત્યારે શ્રોતાઓ તન્મગ્ન થઈ જાય, સંસારની માયામાંથી મુક્ત નિર્વાસનિક થઈ જાય.

સંસારના ત્રિવિધ તાપથી તપ્ત કોઈપણ દુઃખી જીવાત્મા સભામંડપમાં આવીને બેસે અને સ્વામીના અનુભવ છીપમાં પાકેલા શબ્દ મૌક્તિકો સ્ખલિત થતા હોય તો એવું લાગે જાણે સ્વામી અંતર્યામીપણે મારા હૃદયની વેદના જાણી ગયા...!! સ્વામીની રસ ઝરતી વાતો સાંભળીને હૈયું હેમાળા જેવું ટાઢુંબોળ થઈ જાય.

શાસ્ત્રમાત્રના ગહનમાં ગહન રહસ્યને ગામડાના અભણ પણ સમજી શકે એવા સરળ રીતે રજૂ કરે. તેમ છતાં વિદ્વાનો પણ વિચાર કરતા રહી જાય કે શાસ્ત્રોના આવા રહસ્યોની ગહરાઈમાં તો અમે ક્યારેય ગયા જ નહોતા. પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી

રઘુવીરજી મહારાજશ્રીએ જ્યારે વડતાલમાં સાડા ચાર મહિના સુધી સત્સંગ છાવણી કરી ત્યારે દરરોજ સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી શ્રીમદ્ સત્સંગિજીવનની કથા કરતા અને ત્યારપછી સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાની આગવી મૌલિકતાથી એવી જોરદાર વાતોના ગોફણીયા ઘા કરતા કે ૮૦-૮૦ વર્ષના પણ ચાંદ્રાયણ અને ધારણા-પારણા વ્રત કરવા માંડ્યા હતા.

આવા પ્રખર વક્તા હોવા છતાં સ્વામીની સાધુતા બેજોડ હતી. અહોનિશ શ્રીજીમહારાજની માધુરી મૂર્તિમાં તલ્લીન રહેતા સ્વામી કહેતા : ''એક ક્ષણ જો મૂર્તિ ભૂલાઈ જાય તો માથાનું તાળવું ફાટી જાય.''

એમની વાતોના એક-એક શબ્દમાંથી ભગવાન શ્રીહરિની સર્વોપરી નિષ્ઠાની ખૂમારી તો નીતરતી જ હોય. સાથે-સાથે તેઓની વાતોમાં તેઓએ જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યને ગૂંથીને ધર્મના ટેભાથી મજબૂત કરી દેતા.

એ તો સ્પષ્ટ વાત છે કે 'જેડા જેડા માનવી હેડી હેડી વાતલડી...' જેવો પોતે હોય એવી જ વાત માણસ કરે. અર્થાત્ માણસની વાત પરથી ખબર પડે કે તેની પહોંચ કેટલી છે.

ગુણાતીતાનંદ સ્વામી વાત કરતા હોય તો એવું લાગે કે જાણે 'AK-57' ચાલે છે. વળી, પાછી તેમાંથી નાની-નાની કરતુસો નહીં પણ મોટા-મોટા તોપના ગોળા નીકળતા હોય. જેને એ ગોળો અડી જાય તેની વાસનાના ચૂરેચૂરા કરી નાખે, બ્રહ્મરૂપ કરી નાખે.

સ્વામીની મોટાઈ તેમની વાતો પરથી સ્પષ્ટ જણાય આવે છે. તેઓને નાની વાત તો ગમે જ નહિ. એટલે એમની પાસે નાની વાત તો હોય જ નહિ. સ્વામી ગણિત ભણ્યા હશે કેમ એ તો નથી ખબર પણ સ્વામીની દૃષ્ટિને નાનો આંકડો તો ગમતો જ નહોતો, એ તો સ્પષ્ટ વાત છે. કારણ કે, જ્યાં પણ જરૂર પડી ત્યાં 'કરોડ' જેવો તોતિંગ મોટો આંકડો જ સ્વામીએ ઉચ્ચાર્યો અને મુમુક્ષુની વાસનાનો નિઃશેષ 'ભણકારા' કરીને મહાપ્રભુ શ્રીહરિની સર્વોપરીપણાની સ્વરૂપનિષ્ઠાનો ઠોસ 'ગુણાકાર' કરી દીધો...!!!

અફસોસ ! એ વખતે રેકોર્ડર નહોતા, હોત તો આપણે પણ સ્વામીની કરોડ રૂપિયા દેતા પણ ન મળે એવી વાતો સાંભળીને નિર્વાસનિક થઈ જાત...!!!

પરંતુ ચિંતા ન કરતા. આપણે સ્વામીને રૂબરૂ કર્ણેન્દ્રિય દ્વારા માણી તો નહીં જ શકીએ પણ એમના જ્ઞાનને ચક્ષુ ઈન્દ્રિય દ્વારા વાંચી તો જરૂર શકીએ.

હા, એમના જ સમર્થ શિષ્ય સ.ગુ. બાલમુકુંદ સ્વામીએ સ્વામીએ કરેલી એક-એક વાતોનો સંગ્રહ કરીને આપણા ઉપર ખૂબજ મોટો ઉપકાર કર્યો છે. વાંચીએ તો એમ લાગે જાણે હું પ્રત્યક્ષ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરું છું...!!!

વળી, પાંચ પ્રકરણમાં સંગ્રહેલી એ વાતોને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરી હતી. હાલમાં અનેક તે વાતોની આવૃત્તિઓ પ્રકાશિત થતી રહી છે.

તોપણ એક પ્રશ્ન કરોડ રૂપિયાનો એ છે કે, એ બધું વાંચવાનો સમય ક્યાં ? સમય પ્રમાણે બદલાતી માનવસમાજની મનોદશાને સમજી આ લેખમાં સ્વામીની વાતોના કેટલાક મહત્ત્વના અંશો રજૂ કર્યા છે.

**પ્રકરણ :- ૧**

**કરોડ** કામ બગાડીને પણ મોક્ષ સુધારવો; ને કદાપિ **કરોડ** કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડ્યો તો શું કર્યું ? ૧૪

**કરોડો** રૂપિયા ખરચતાં પણ આવા સાધુ મળે નહિ, ને **કરોડો** રૂપિયા દેતાં પણ આ વાતું મળે નહિ, ને **કરોડો** રૂપિયા આપતા પણ મનુષ્યદેહ મળે નહિ, ને આપણે પણ **કરોડો** જન્મ ધર્યાં છે, પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી, નીકર શું કરવા દેહ ધરવો પડે ? ૧૯

આથી **કરોડ** ગણો સત્સંગ થાશે ને આથી **કરોડ** ગણાં મંદિર થાશે; પણ આ વાતું ને આ કથા નહિ મળે. ને વ્યવહાર પ્રધાન થઈ જાશે; માટે સહેજે સહેજે કરવું ને આ કારખાનાં તો બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી ચાલશે; માટે કથા વાર્તા કરવા સાંભળવાનો અભ્યાસ રાખવો. ને આપણે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે વાત રાખવી, પણ એકજ મુખ્ય ન કરવું. ૩૧

અને આપણે તપાસ કરવો જે હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે ? ને લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કે **કરોડ** રૂપિયા મળે તેનું શું ફળ છે ? કેમ જે રોટલાથી તો વધારે ખવાતું નથી, માટે તેનો તપાસ કરવો ને પાછું વળવા શીખવું. ૩૪

આ સર્વે કામ મૂકી મૂકીને આવીને નવરા બેસીને વાતું સાંભળીએ છીએ, તે એમ સમજવું જે **કરોડ કામ** કરીએ છીએ; તે શું ? જે **જમપુરી, ચોરાશી ને ગર્ભવાસ એ સર્વને માથે લીટા તાણીએ છીએ** પણ નવરા બેઠા છીએ એમ ન સમજવું. ૫૦

મહારાજની કહેલ વાત કરી જે, મહારાજ કહે જે ''**કરોડ** વહાણે કરીને એક મનવાર ભરાય, એવી સો **કરોડ** મનવાર્યું ભરવી છે; એટલા જીવનું કલ્યાણ કરવું છે. તે એટલા જીવનું કલ્યાણ કેમ થાય ? પછી અમે વિચાર કર્યો જે, અમારું દર્શન કરે તેનું કલ્યાણ; પછી વળી એમ વિચાર કર્યો જે અમારું દર્શન તે કેટલાક જીવને થાશે ? માટે અમારા સાધુનું દર્શન કરે તેનું પણ કલ્યાણ, પછી વળી તેમાં પણ વિચાર થયો જે સાધુનું દર્શન પણ કેટલાક જીવને થાશે ? માટે અમારા સત્સંગીનું દર્શન કરે તેનું પણ કલ્યાણ; ને સત્સંગીને જમાડે ને એનું જમે, ને સત્સંગીને

પાણી પાય ને એનું પાણી પીએ એ સર્વેનું કલ્યાણ કરવું છે.'' ૭૩

નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેળું કર્યું અને છેલ્લી વારે એમાંથી મોત થયું. ને ચિત્રકેતુ રાજાએ **કરોડ** સ્ત્રીયું ભેળી કરી, ને છેલ્લી વારે એમાંથી દુઃખ થયું ત્યારે મૂકી; તે મારગ જ એવો છે. ૮૬



નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેળું કર્યું અને છેલ્લી વારે એમાંથી મોત થયું. ને ચિત્રકેતુ રાજાએ **કરોડ** સ્ત્રીયું ભેળી કરી, ને છેલ્લી વારે એમાંથી દુઃખ થયું ત્યારે મૂકી; તે મારગ જ એવો છે.

અને એક શબ્દે કરીને તો સ્વરૂપાનંદ સ્વામીને જ્ઞાન થાય, ને આપણને તો **કરોડ** શબ્દ પડે ત્યારે જ્ઞાન થાય; પણ તરત ન સમજાય. ૧૯૨

અને વણથળીમાં વાત કરી જે, આ વણથળી ગામ કોઈકને આપે તો તે ગાંડો થઈ જાય; ને વળી વડોદરું આપે તો વાત જ શી કહેવી ! ને આપણને તો **કરોડ કરોડ** વડોદરાં મળ્યાં છે; તે એમ પણ કહેવાય નહિ. હવે તો દેહ રહે ત્યાં સુધી બાજરો ખાવો ને પ્રભુ ભજવા. ને રોટલા તો ભગવાનને દેવા છે ને સાધુને દેવા છે તે આપશે. ને દેહ પડશે કે ભગવાન પાસે જઈને બેસવું છે; તે જેમ અંગરખું ઉતારી મૂકે તેમ દેહ પડ્યું રહેશે એમ વાત કરી. ૨૧૬

અને જૂનાગઢના જમાન મહારાજ બે વાર થયા છે. એક વાર વરતાલમાં ને બીજીવાર ગઢડામાં એમ કહ્યું. તે ઉપર એક સંતે પૂછ્યું જે, જમાન થયા તે શું સમજવું ? ત્યારે સ્વામી બોલ્યા જે, માયાનું બંધન થવા દે નહિ. પછી ફરીને સંતે પૂછ્યું જે, તે જમાનગરું ક્યાં સુધી રહેશે ? પછી સ્વામી બોલ્યાઃ જે આપણે છીએ ત્યાં સુધી તો ખરું, પણ હજી તો મહારાજનું જ્ઞાન છે. ને વળી મહારાજ કહે : કે ''જૂનાગઢ જાય તેની **કરોડ** જન્મની કસર ટાળી નાખશું'' તે અમે ગઢડેથી આવ્યા ત્યારે એ ભાતું બંધાવ્યું હતું. ૨૭૧

ને **કરોડ** કામ ઠેલે ત્યાર પછી ભગવાનની વાતો થાય ને ધ્યાન તો વળી તે પછી થાય. ૨૮૧

અને ભગવાનનો ને મોટા સાધુનો નિશ્ચય જેને થયો હોય તે પોતાને પૂર્ણકામ માને; ને તેને બીજાના સંગની અપેક્ષા ન રહે. તેમાં દૃષ્ટાંત : જે, જેના ઘરમાં સો **કરોડ** મણ દાણા હોય તથા સો **કરોડ** રૂપિયા હોય તેને કાળ પડે, તોપણ મરવાની બીક ન લાગે. વળી બીજું દૃષ્ટાંત : જે, બે હજાર બખતરિયા ભેળા હોય તેને લૂંટાવાની બીક ન લાગે; તેમજ મહિમા સહિત નિશ્ચયવાળાને બીક નહિ. ૩૧૫

## પ્રકરણ :- ૨

શ્રી ધોરાજીમાં લાલવડ હેઠે મહારાજે એકાદશીનો મહોત્સવ કર્યો, તે સમયને વિષે મહારાજે પોતાનો પ્રતાપ સહુને જણાવીને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. પછી આત્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે 'સત્સંગ બહુ થયો' ત્યારે મહારાજે કહ્યું : જે 'એક એક સાધુ વાંસે લાખો મનુષ્ય ફરે ત્યારે સત્સંગ થયો એમ જાણવું.' એમ કહીને કહ્યું જે અમે તો સો **કરોડ** મનવારો લઈને આવ્યા છીએ; એટલા જીવનો ઉદ્ધાર કરવો છે. તે પ્રથમ તો ચિંતામણિઓ ભરીશું, પછી પારસમણિઓ ભરીશું, પછી હીરા, પછી મોતી, પછી દાગીના, પછી સોનામહોરો, પછી રાળ, પછી રૂપિયા, ને પછી છેલ્લી બાકી ગારો, એ પ્રકારે પૂરણી કરવી છે.' એવી રીતે મુક્તોના અનંત પ્રકારના ભેદ છે ને કલ્યાણ પણ અનંત પ્રકારનાં છે; એવી રીતે બહુ વાર્તા કરી. ૧

પછી વળી સ્વામીએ વાત કરી : જે એક દિવસ મહારાજ નર્મદામાં નાહીને ધ્યાન કરવા બેઠા તે ઊઠે નહિ. પછી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને બે ત્રણ વાર કહ્યુંઃ જે 'હે મહારાજ ! તમે ટીમણ કરો તો ઠીક, પછી મહારાજે કહ્યું જે 'ટીમણ તો કરવાં છે, પણ અમારે તો વાત કરવી છે.' પછી સ્વામીએ કહ્યુંઃ જે 'હે મહારાજ ! તમે વાત કરો' પછી મહારાજ બોલ્યાઃ જે 'આ પચાસ **કરોડ** યોજન પૃથ્વી છે, તેથી દશગણું જળ છે, તેથી દશગણું તેજ છે, તેથી દશગણો વાયુ છે, તેથી દશગણો આકાશ છે, તેથી દશગણો અહંકાર છે, તેથી દશગણું મહત્તત્ત્વ છે, તેથી દશગણા પ્રધાનપુરુષ છે, તેથી અનંતગણી પ્રકૃતિ છે, તેથી અનંતગણો પુરુષ છે, ને તેથી અનંતગણું પર અક્ષરધામ છે ને તે ધામને વિષે રહેનારા જે અનંતકોટિ મુક્ત છે, તેમને પુરુષોત્તમનો સંબંધ છે બીજાને નથી. કેટલાકને તો ઈન્દ્રાદિકનો સંબંધ છે; ને કેટલાકને તો બ્રહ્માદિકનો સંબંધ છે; ને કેટલાકને તો વૈરાટાદિકનો સંબંધ છે; કેટલાકને તો પ્રધાન પુરુષાદિકનો સંબંધ છે; ને કેટલાકને તો પ્રકૃતિપુરુષાદિકનો સંબંધ છે; પણ પુરુષોત્તમનો નથી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : જે 'આંહીં કોઈને પુરુષોત્તમનો સંબંધ હોય તો ?' ત્યારે મહારાજે કહ્યું : જે 'એટલી જ વાત સમજવાની છે; કેમ જે અક્ષરના મુક્તને પુરુષોત્તમનો સંબંધ છે કાં તમારે છે; પણ બીજા અવાંતર કોઈને નથી.'એવી રીતે પોતાના પુરુષોત્તમપણાના પ્રતાપની ઘણીક વાત કરી. તેમાંથી આ તો દિશ માત્ર લખી છે. ૨

સ્વામીએ એક દિવસ શિવલાલને કહ્યું : જે 'આજ ક્યાં ગયા હતા ?' પછી હાથ જોડીને કહ્યું : જે 'આજ તો શહેરમાં ગયો હતો, તે ત્યાંથી એક રસોઈ લઈ આવ્યો છું.' પછી સ્વામીએ

કહ્યું : રસોઈ કેવી ? ત્યારે શિવલાલે કહ્યું : જે 'સોનું લઈને બીજે દીધું, તેમાંથી દોઢસો રૂપિયા રહ્યા તેની રસોઈ.' ત્યારે સ્વામી બોલ્યા : જે એ તો ઠીક, પણ સોનું લેવાનો સંકલ્પ થયો, પણ કોઈ દિવસ સો **કરોડ** મણ ઢૂંસા લઈને કમાણી કરીએ એવો સંકલ્પ થાય છે ? ત્યારે કહ્યું : જે 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા : જે 'મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી તો ઢૂંસાં જ છે; પણ તેમાં કાંઈ માલ જણાતો નથી. ને તમે એટલી ઘડી આવા સાધુનું દર્શન અને વાતુ મૂકીને શી કમાણી કરી ?' એમ કહીને બુદ્ધિનો ડોડ ટાળી નાખ્યો. ૨૨

સ્વામીએ એમ વાત કરી જે 'સો **કરોડ** રાખનાં પડીકાં વાળીને પટારામાં ભરી મૂકીએ ને તાળાં દઈ રાખીએ; ને જે દિવસ કાંઈક કામ પડે ને કાઢીએ તો કાંઈ સારું નીસરે ?' ત્યારે કહ્યું : જે 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા જે, મહારાજની મૂર્તિ વિના ને આવા સાધુ વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં જ છે. તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ ને ગમે તો ઈશ્વરકોટિના લોકમાં જાઓ ને ગમે તો પુરુષકોટિના લોકમાં જાઓ; પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંય નથી. એમ કહીને બોલ્યા : જે, સુરપુર, નરપુર, નાગપુર એ તીનમેં સુખ નાહીં । કાં સુખ હરિકે ચરનમેં, કાં સંતનકે માંહીં. ॥ ૨૮

સ્વામીએ એમ વાત કરી : જે, ચંદ્રમાનું પ્રતિબિંબ જળમાં પડે છે, ત્યારે તેને જોઈને માછલું રાજી થાય છે ને એમ જાણે જે આ પણ આપણા જેવું માછલું છે; પણ જેવો ચંદ્રમા છે ને જેવું તેનું મંડળ છે ને જેવું તેમાં તેજ છે ને જેવું તેનું ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને માછલું જાણી શકતું નથી. તથા જેમ સમુદ્રમાં વહાણ ચાલ્યું જતું હોય, તેને મોટા મચ્છ હોય તે જોઈને મનમાં એમ જાણે જે આપણા જેવો મચ્છ છે તે ચાલ્યો જાય છે; પણ જેવું વહાણ છે ને સમુદ્ર તારે એવું છે ને લાખો **કરોડો** રૂપિયાનો માલ લઈ જાય છે ને લાવે છે તેને જાણી શકતા નથી તે તો દૃષ્ટાંત છે. ને એનો સિદ્ધાંત તો એ છે જે; જેવા મહારાજ છે ને જેવા મહારાજના સંત છે ને જેવા તેમના સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને જાણતા નથી. તે જેમ માછલું ને મચ્છ પોતપોતા જેવા જાણે છે, તેમ જે મનુષ્ય છે તે પણ પોતા જેવા જાણે છે; પણ જેવા છે તેવા જાણતા નથી. એમ કહીને આ શ્લોક બોલ્યા જે, अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् । परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ એવા જે મૂર્ખ છે ને મૂઢમતિ જીવ છે તે મનુષ્ય જેવા જાણે છે; પણ અનંત કોટિ જીવોને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં લઈ જાય એવા છે એમ તેને જાણતા નથી; એ અજ્ઞાન છે. ૨૯

અને આજ તો સત્સંગમાં ભગવાન પ્રગટ બિરાજે છે. નહિ તો વીશ વીશ વર્ષના સંસાર મૂકીને કેમ ચાલ્યા આવે ? ને કામ ક્રોધાદિક તો એવા બળિયા છે, જે શિવ બ્રહ્માદિકની પણ લાજ લીધી છે. અને એ કામાદિક જેને વિષે આવે છે તેને ગળી જાય છે. તે આજ તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ રાખ્યા છે જેમ બ્રહ્માંડથી પર મહાજળ છે તેમાં મોટા મોટા મચ્છ છે તે બ્રહ્માંડની સમીપે આવે તો આખા બ્રહ્માંડને પણ ગળી જાય એવડા મોટા છે પણ પ્રદ્યુમ્નને ચોકીમાં રાખ્યા છે તે જો બ્રહ્માંડની સમીપે ગળવા આવે તો માથામાં ગદા મારે તે **કરોડું** યોજન જાતા રહે. તેમ કામ ક્રોધાદિકને તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ રાખ્યા છે નહિ તો આમાં રહેવાય નહિ. એમ કહીને બોલ્યા જે આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ? ત્યારે કહ્યું જે ના મહારાજ ! પછી સ્વામી બોલ્યા જે મનમાં ધાર્યું નથી; નહી તો ઉડાડી મૂકીએ કેમજે પૃથ્વીના મનુષ્ય સર્વેને ભેગાં કરીએ ને લુવાર માત્ર માંડે લોઢાં ઘડવા, ને આપણે માંડીએ સુરંગો દઈને ઉડાડવા; તો ચાર પાંચ વર્ષમાં ચૂરેચૂરા કરીને ઉડાડી મૂકીએ તે કામ ક્રોધાદિક ગમે તેવા બળિયા હોય પણ જો મનમાં ધારીએ તો ઉડાડી મૂકીએ એમાં કાંઈ સંશય નથી. ૪૦

સ્વામીએ વાત કરી જે, જુઓને એક પુરુષ ઊગ્યો તે પચાસ **કરોડ** યોજનમાં અંધારુ ન રહ્યું. તે જેમ સૂર્યના કિરણે કરીને રાત્રીનો નાશ થાય છે, તેમ સત્પુરુષની દૃષ્ટિ વડે કરીને તો કોઈ દેશમાં અજ્ઞાન રહે જ નહિ. અને તે સત્પુરુષ વિના તો જેમ :- **સોળ કળા શશી ઊગહી, તારાગણ સમુદાય; સબ ગિરિ દાહ લગાઈએ, રવિ બિન રાત ન જાય.** તેમ આવા સાધુ વિના અજ્ઞાન જાય નહિ અને અજ્ઞાન ગયા વિના સુખ પણ થાય નહિ, અરે ! અમારે તો ઘણુંયે જ્ઞાન દઈ બ્રહ્મરૂપ કરવા છે, પણ શું કરીએ ? જીવને ખપ નહિ ને વળી કારખાને ગળે ઝાલ્યા ! તે જ્ઞાન કહેવા નવરા થાતા નથી; કેમ જે, જેમ જબરા ખેડુને વેર અપરવારે ગયું, તે નવરાં થાય નહિ ને વેર વાળવા જાય જ નહિ. તેમ અમારું જ્ઞાન અપરવારે ગયું, પણ હવે સાધુ સત્સંગીને મારી પાસે રાખીને વાતો જ કરવી છે; જેણે કરીને બ્રહ્મરૂપ થઈ જાય, એમ કહીને બોલ્યા જે વાતો સાંભળી લેજો; પછી આવો યોગ મળવો બહુ દુર્લભ છે; માટે સમાગમ તો કરી લેજો. એમ કહીને



જેમ સૂર્યના કિરણે કરીને રાત્રીનો નાશ થાય છે, તેમ સત્પુરુષની દૃષ્ટિ વડે કરીને તો કોઈ દેશમાં અજ્ઞાન રહે જ નહિ. અને તે સત્પુરુષ વિના તો જેમ :- **સોળ કળા શશી ઊગહી, તારાગણ સમુદાય; સબ ગિરિ દાહ લગાઈએ, રવિ બિન રાત ન જાય. તેમ આવા સાધુ વિના અજ્ઞાન જાય નહિ.**

કહ્યું જે :- **'ચેતનવાલા ચેતજો, કહત હું હાથ બજાય'** અમે તો તાળી વજાડીને કહીએ છીએ, પછી વળી કહેશો જે કહ્યું નહિ. ૫૪

સ્વામીએ વાત કરી જે, રઘુવીરજી મહારાજ પૃથ્વી ઉપર રહ્યા, ત્યાં સુધી દેશકાળાદિકનું બહુ સુખ રહ્યું કેમ જે મહારાજ એમને વશ તે જેમ ધારે તેમ કરે. ને હવે તો રઘુવીરજી મહારાજે દેહ ત્યાગ કર્યો છે તે દિવસથી દુ:ખ ચડતું આવે છે. કેમ જે જેમ મોટી નદીનું પૂર ચડતું આવે છે તેમ દુ:ખ ચડતું આવે છે. તે જુઓને રાજાઓનું કેવું દુ:ખ છે તે ભેંસજાળવાળા ને જાઈવાવાળા જે ગરાસિયા તેનો ન્યાય કર્યો જ નહિ. તેમજ અખોદડવાળો બ્રાહ્મણ ભગવદી તેને મારી નાખ્યો, તેનો પણ અન્યાય કર્યો, એવાં દુ:ખ છે. તે સારુ તો અમે મહારાજને અરજી નાખી છે; જે **રઘુવીરજી મહારાજ જેવા બે આચાર્ય કરો ને ગય રાજા જેવો એક રાજા કરો તો બે કરોડ મનુષ્ય પ્રભુ ભજે છે તે દશ કરોડ મનુષ્ય પ્રભુ ભજે,** એમ સંકલ્પ કર્યો છે, ત્યારે સર્વે હરિજન બોલ્યા: જે 'હે મહારાજ ! તમે ધાર્યું છે તે સારું જ થાશે.' ૬૩

સ્વામીએ કારિયાણીનું આઠમું વચનામૃત વંચાવીને વાત કરી જે, ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં કોઈને આવડ્યું નથી; કેમ જે એ તો અતર્ક્ય વાતો છે; તે કોઈના તર્કમાં આવે નહિ. અને પૂર્વે આચાર્ય થઈ ગયા છે. તેણે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ તો કર્યું છે, પણ જેવું મહારાજને કહેતા આવડે છે તેવું તો કોઈને આવડતું જ નથી. એમ કહીને કહ્યું જે ફરી વાંચો. ત્યારે ફરી વાંચ્યું, પછી સ્વામી બોલ્યા જે, સગુણ-નિર્ગુણપણું તો મહારાજે આ મૂર્તિનું ઐશ્વર્ય કહ્યું છે. અને એ બે સ્વરુપનું ધરનારું મૂળ સ્વરૂપ તો આ પ્રત્યક્ષ બોલે છે તે જ છે, એમ કહીને બોલ્યા જે દશ શાસ્ત્રી વડોદરાના, દશ શાસ્ત્રી સુરતના, દશ શાસ્ત્રી અમદાવાદના ને દશ શાસ્ત્રી કાશીના એવા હજારો શાસ્ત્રી ભેગા થાય, ત્યારે આ વાતનો પ્રસંગ નીસરે કે નહિ ? ત્યારે રૂપશંકરે કહ્યું જે 'ના મહારાજ ! આવો પ્રસંગ શાસ્ત્રીથી નીસરે નહિ.' ત્યારે સ્વામી બોલ્યા : જે, છે તો એમજ, પણ લોકમાં શાસ્ત્રીનું પ્રમાણ બહુ કહેવાય. પણ **ભગવાનના સ્વરુપનું નિરૂપણ કરતાં તો મહારાજને આવડે, કાં ગોપાળાનંદ સ્વામી જેવા સાધુને આવડે, પણ બીજા કોઈને આવડે નહિ,** અને આ વાત તો **કરોડ્યું** ધ્યાન કરતાં પણ અધિક છે. કેમ જે શુકજી ધ્યાનમાંથી નીસરીને ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતા હવા. એટલી વાત કરી ત્યાં આરતીનો ડંકો થયો તે દર્શને પધાર્યા. ૬૭

પછી સ્વામીએ કલ્યાણભાઈ આગળ વાત કરી જે, આજ સત્સંગનો મહિમા તો મુખ થકી કહેવાય નહિ; ને જો કહીએ તો માન્યામાં આવે નહિ. ત્યારે કલ્યાણભાઈએ કહ્યું: જે, સત્સંગનો મહિમા તો બહુ છે, ત્યારે સ્વામી બોલ્યા : જે પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે. તે કરતાં તો આ સત્સંગીના સમાધિનિષ્ઠ છોકરાં સામુ જોઈએ છીએ ત્યાં તો મહારાજને પ્રતાપે કરીને **કરોડ કરોડ ગણું અધિક દૈવત** જણાય છે. તો મોટા મોટા હરિભક્તો ને મોટા મોટા સાધુ ને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ? તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે ''હું મારા મહિમાના પારને પામતો નથી તો બીજા તો પામશે જ કેમ ?'' એમ કહીને બોલ્યા જે :

मद्भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥

એ શ્લોક બોલીને કહ્યું : જે **'બળ તો બહુ દેખાડ્યું પણ કલ્યાણ તો એક માતાનું જ કર્યું છે.'** એમ જાણતા એ શ્લોક કોઈના બળનો જણાય છે પણ પોતાના બળનો નહિ; એમ કહીને વળી બોલ્યા : જે **'આજ તો સત્સંગમાં ડોશીઓ હશે તે પણ હજારો જીવનું કલ્યાણ કરશે, તો બીજાની તો શી વાત કહેવી ?'** એવી રીતે બહુ વાત કરીને નાવા ઊઠ્યા. ૭૨

સ્વામીએ વાત કરી : જે, એક દિવસ મહારાજે મને કહ્યું : જે ''કહો તો કાળ પાડીએ ને કહો તો ટુંટિયું લાવીએ'' ત્યારે મેં કહ્યું જે કાળ પાડશોમા ને ટુટિયું લાવજો. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું : જે ''બેયની ના પાડીએ નહિ !'' ત્યારે મેં કહ્યું : જે, **મહારાજની મરજી પ્રમાણે જ કહેવાય. પણ મરજી વિના તો કહેવાય જ નહિ.** ને વળી બોલ્યા : જે 'એક દિવસ મેં મહારાજને કહ્યું : જે તમારા ઘરમાં અંધારુ કેમ છે ? જે ખેડુ કામી કામીને મરી જાય છે તેને ખાવા મળે છે, ને ખેડુ ભૂખે મરે છે !' તે દિવસથી મહારાજની દૃષ્ટિ થઈ ગઈ છે, જે ખેડુના ઘરમાં હોય ત્યારે મોંઘું ને વેપારીના ઘરમાં જાય ત્યારે સોંઘું થાય છે; ને તે દિવસથી ખાવા મળે છે. તે જુઓને રૂના ડૂચા લઈ જાય છે ને બે **કરોડ** સોનાના રાળ સાબરમતીને આ કાંઠે નાખી દે છે એવું કર્યું છે; પણ પ્રભુ ભજવા નવરા થાતા નથી. અરે ! આપણે આવું ક્યાં હતું ! ને હજી રાત્રીપ્રલય સુધી થાશે; પણ **રઘુવીરજી મહારાજે ચાર મહિના સાધુને રાખીને કથા કરાવી ને વાતો જ કરાવી એમ કોઈ કરશે નહિ ને કરાવશે પણ નહિ. એવો માયાનો મોહ છે.** એમ કહીને વળી બોલ્યા : જે અમોએ સાધુને રાખીને બે મહિના સુધી વાતો ને પ્રશ્ન ઉત્તર કરાવ્યા, પણ કેટલાકને તો ગમ જ નહિ જે સ્વામી શું કહે છે ને શું થાય છે ? ને આપણે તો સોપો જ પડતો નથી; એમ કહીને બોલ્યા : જે :- **''કિયાં બાળપણાની રમત, કિયાં પામવો સિધ્ધુનો મત''**

એ વાતની ખબર જ નથી, જે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? એટલી વાત કરીને ડાબે પડખે પડખાભર થયા ને સર્વે કીર્તન ગાવા લાગ્યા. ૭૪

### પ્રકરણ :- ૩

અને આપણે આ લોક ને આ લોકના પદાર્થને **કરોડ** ગાઉનું છેટું છે, પણ આ સર્વે કારખાનાં કરીએ છીએ, પદાર્થ રાખીએ છીએ તે તો શું કરીએ ? જે સ્થાન વિના આટલા માણસને ક્યાં રહેવું ? ને **મંદિરમાં ચાર પાંચ મોટેરા હોય** તેમાં કોઈને રજ હોય ને કોઈને તમ હોય, તે સૌને પોતાની પ્રકૃતિ પ્રમાણે સૂઝે; બાકી તેમાં **મોક્ષભાગી પણ હોય** તેને મળવું. ને જેને સત્ત્વગુણ પ્રધાન હોય તેને સારૂં સૂઝે. ને મન, કર્મ, વચને મોટાની અનુવૃત્તિમાં રહીએ તો એની દૃષ્ટિ પડી જાય ને સર્વ દોષ ટળી જાય; ને માણસ રાજાને, સિપાઈને ને જમાદારને એવા અવળાને પણ રાજી કરે છે, **તો આ સાધુ તો તરત રાજી થઈ જાય એવા છે.** ૮૧

આ જીવે **કરોડો** કલ્પ થયાં મનગમતું જ કર્યું છે. તે એટલા કલ્પ પણ કહેવાય તો નહિ. પણ હવે તો આ દેહે કરીને ભગવાનનું ગમતું કરી લેવું. ને **આજ્ઞામાં યુક્તિ ન કરવી.** ને આવે એટલું ભોગવવું નહિ. ને ત્યાગ કરતા રહેજો એમ સર્વેને કહ્યું. ૮૩, આગ્રામાં **કરોડ** રૂપિયાનું કબ્રસ્તાન છે, ને મુંબઈમાં મચ્છીમારના ઘરમાં કરોડો રૂપિયા છે, માટે ઝાઝું દ્રવ્ય થાય એ વાત કાંઈ મોટાની ગણતીમાં નથી; ને એમાં માલ ન માનવો. ૯૦

નાના ગામમાં લાખ રૂપિયાની હુંડી લખનાર ન મળે, તે તો શહેરમાં મળે. ને **કરોડ** રૂપિયાની હુંડી તો કોઈક બહુ મોટા શહેરમાં મળે; તેમ **અતિ ઉત્તમનો સંગ ઝાઝે ઠેકાણે મળે નહિ; ને તે મળ્યા વિના અતિ ઉત્તમ જ્ઞાન થાય નહિ.** ને મોટાની દૃષ્ટિએ આ લોકનો વ્યવહાર તો કીડીઓ ને પશુ પક્ષીના જેવો છે. ૧૮૮

### પ્રકરણ :- ૪

ભાદર નદીને કાંઠે આત્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું જે 'હે મહારાજ ! સત્સંગ તો બહુ થયો' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે 'હજી સત્સંગ ક્યાં થયો છે ?' એમ કહીને બોલ્યા જે **''એક એક એકાંતિક સાધુ વાંસે લાખ લાખ મનુષ્ય ફરશે ત્યારે જાણીએ જે** સત્સંગ થયો અને વળી **બ્રહ્માંડ આખાના જીવ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરશે ત્યારે સત્સંગ થયો** એમ જાણવું.'' એમ કહીને વળી બોલ્યા જે **''કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય એવી સો કરોડ મનવારો ભરાય એટલા જીવનું કલ્યાણ કરવું છે;** તે સારૂં અમે અક્ષરધામમાંથી અમારા પાર્ષદે સહિત આંહીં પધાર્યા છીએ. ત્યારે તેટલા જીવનું કલ્યાણ શી રીતે થાય ? પછી અમે **વિચાર** કર્યો જે, જે જીવ અમારૂં દર્શન કરે તેનું કલ્યાણ થાય; પછી વળી એમ વિચાર કર્યો જે, અમારા દર્શન પણ કેટલાક જીવને થાશે ? માટે અમારા સાધુનાં દર્શન કરે તેનું તથા તેનો ગુણ લે તેનું પણ કલ્યાણ થાય; પછી વળી વિચાર કર્યો જે અમારા સાધુનાં પણ દર્શન કેટલાક જીવને થાશે ? માટે અમારા સત્સંગીનાં દર્શન કરે તથા સત્સંગીને જમાડે તથા સત્સંગીને પાણી પાય તથા સત્સંગીનું પાણી પીએ તથા સત્સંગીનો ગુણ લે **એ સર્વેનું અમારે કલ્યાણ કરવું છે.** એવી રીતે સો કરોડ મનવારો લાવ્યા છીએ તે ભરવી છે **પણ તે કલ્યાણમાં અનંત પ્રકારના ભેદ છે,** તે દૃષ્ટાંતે કરીને કહીએ છીએઃ તેમાં પ્રથમ તો તે મનવારોમાં ચિંતામણિઓ ભરશું, પછી પારસમણિઓ ભરશું; પછી હીરા પછી મોતી, પછી દાગીના, પછી સોનામહોરો, પછી રાળ, પછી રૂપિયા, પછી કોરીઓ ને પછી બીજા પદાર્થ ભરશું; ને તેમ કરતાં છેલ્લી બાકી ખાલી રહેશે, તો ગારો ભરશું; એ પ્રકારે પૂર્ણ કરીને મનવારો ભરવી છે, એવી રીતે ભક્તના અનંત પ્રકારના ભેદ છે માટે **જેટલો જીવને ભગવાનનો નિશ્ચય ને સંબંધ થાય છે તેવું જીવનું કલ્યાણ થાય છે.''** એવી રીતે પોતાના મહિમાની બહુ વાત કરી. ૨૦

### પ્રકરણ :- ૫

કોઈ **ઐશ્વર્યને ભલા થઈને ઇચ્છશોમા** ને જો આવે તો આપણે કંઈક કરી નાખીએ એમ છીએ; માટે એમાં કાંઈ માલ નથી. **દેશકાળે સ્થિતિ રાખવી;** તે શું ? તો દ્રવ્ય ગયું કે દીકરો દેહ મૂકી ગયો, કે ખાવા અન્ન ન મળ્યું : તો તેમાં સમજણ કામ આવે છે તે એક વાણિયે પરદેશમાં જઈને **કરોડ** સોનાનાં રાળ ભેળાં કર્યાં. ને વહાણ ભરીને આવ્યો. તેણે કાંઠે ઉતરવા પાટિયા ઉપર પગ દીધો, કે વહાણ બૂડ્યું ત્યારે વાણિયો કહે ''અહો ! થયું ને માથે, પણ પછી કહે ''જન્મ્યા ત્યારે એ ક્યાં હતાં ?'' તેમજ એક ફકીરને રસ્તામાં ચાલતાં દોરડું મળ્યું; તે તેણે ખંભે નાખ્યું હતું, પણ તે પાછું પડી ગયું; પછી થોડોક ચાલ્યો ત્યારે ખબર પડી; ત્યારે કહે : જે ''કાંઈ નહિ **મુજકું રસા પાયા જ નહોતા !''** એમ વિચારીને આનંદમાં રહેવું. વળી કાકાભાઈના વચનામૃત (પ્રથમ પ્ર. ૭૦)માં પણ કહ્યું : છે જે ''ઘરમાં દશ માણસ હોઈએ ને તે સર્વે મરવાનાં હોય, તેમાંથી એક બચે તો શું થોડા છે ?'' માટે એમ સમજવું. ૨૯

જેને જે વહાલું હોય તે શિષ્યને દે છે; ને બાપને સ્ત્રી હૈયામાં છે તો તે છોકરાને હૈયે ઘાલી દે છે. એમ સાધુને વહાલા ભગવાન તે જીવના હૈયામાં ઘાલી દે છે. જેમ ખાધા વિના ભૂખ જાય નહિ; ને તાપ્યા વિના ટાઢ જાય નહિ, ને સૂર્ય વિના અંધકાર જાય નહિ; **તેમ સમાગમ વિના અજ્ઞાન જાય નહિ.** ભણેલો હોય તે ભણાવે પણ અભણ શું ભણાવે ? કેમ જે એને મૂળમાંથી વિદ્યા નથી તે આપે ક્યાંથી ?

**'ગુરુ બિન જ્ઞાન નહિ ગુરુ બિન ધ્યાન નહિ,**
**ગુરુ બિન આત્મવિચાર ન લહત હૈ.'**

તેમ સદ્‌ગુરુ વિના કાંઈ નથી થાતું :- **'તીન તાપકી ઝાલ જર્યો, પ્રાની કોઈ આવે.'**

એ સવૈયો બોલીને કહે : એવા સાધુનો સમાગમ કર્યે છૂટકો

છે; તે કરવો, તે પણ ''अर्थं साधयामि वा देहं पातयामि'' એમ કરવો. ત્યારે રાજી થાય છે. તે સમાગમે તો એટલો ફેર પડે જેમ કાર્તિક સ્વામીએ પૃથ્વીની પ્રદક્ષિણા કરી ને ગણપતિએ પાર્વતીના કહ્યાથી ગાયની કરી; તે પણ પૃથ્વીની થઈ ! જુઓ કેટલો ફેર પડ્યો ? **ને કરોડ જન્મ સુધી અંતરદૃષ્ટિ કરે ને ન થાય તેટલું એક મહિનામાં થાય, એવું આ સમાગમમાં બળ છે;** માટે અમારો તો એ સિદ્ધાંત છે. ને મહારાજે પણ કહ્યું છે જે 'કોઈક મિષ લઈને આવા સાધુ ભેળો જન્મ ધરવો એમ ઈચ્છીએ છીએ' એ તો આપણને કહ્યું છે. ૫૫



**ને કરોડ જન્મ સુધી અંતરદૃષ્ટિ કરે ને ન થાય તેટલું એક મહિનામાં થાય, એવું આ સમાગમમાં બળ છે;** માટે અમારો તો એ સિદ્ધાંત છે. ને મહારાજે પણ કહ્યું છે જે 'કોઈક મિષ લઈને આવા સાધુ ભેળો જન્મ ધરવો એમ ઈચ્છીએ છીએ' એ તો આપણને કહ્યું છે.

**કરોડ** રૂપિયા હશે તે કાંઈ કામ નહિ આવે; તે જ્યાં હશે ત્યાં એમ થાશે ને એમ જાશે, ને આગ્રામાં અઢાર કરોડ રૂપિયાનું કબ્રસ્તાન કર્યું છે, પણ એટલા રૂપિયાના ઘઉં લઈને ભગવાન ભજ્યા હોય ને કથા કરી હોય તો કેટલી થાય ? ઘણા સાંતિ' તો સો વધારીએ પણ એણે શું થાય ? દુઃખ થાય. એ **સાધુનો માર્ગ** નહિ; ને કથાએ તો કેટલો સમાસ થાય ! જે ઓલી છાવણીમાં કેટલી નોખી રસોઈઓ નીકળી ગઈ. નોખા આસન નીકળી ગયાં! એમ પડઘા પડે, અને દ્રવ્ય તો ભેળું કર્યું કે આપ્યું તે રહેતું નથી; નસીબમાં હોય તો રહે. માટે નિષ્કામી થાવું, નિર્લોભી થાવું; નિર્સ્વાદી થાવું ત્યારે ભગવાન રાજી થાય. ૬૬

એકોતેર ચોકડી રાજ કરીને એક ઈન્દ્ર પડે, એવા ચૌદ ઈન્દ્ર પડે ત્યારે એક દિવસ વૈરાટ બ્રહ્માનો થયો. તેમાં ક્ષૂદ્ર બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ નાશ થાય, તે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એક શ્રીકૃષ્ણ નારાયણ, એક લક્ષ્મીનારાયણ, એક નરનારાયણ ને એક વાસુદેવનારાયણ એ છે. એવા અનંત કોટિ બ્રહ્માંડ છે, એમ સમજવું. હવે એવા ત્રીશ દિવસનો મહિનો ને બાર મહિનાનું વર્ષ, એવાં સો વર્ષ વૈરાટ જીવે; ને **પ્રધાનપુરુષનાં રુંવાડે રુંવાડે ક્ષીરસાગર** છે. એટલે **સાડા ત્રણ કરોડ શેષશાયી** થયા ! માટે એ સર્વેથી તો પ્રધાનપુરુષ મોટા થયા. ને તે પ્રધાનપુરુષના એક દિવસમાં વૈરાટ પડે, તેવા સો વર્ષ પ્રધાનપુરુષ જીવે; ને તે પાછો **પ્રકૃતિપુરુષના એક દિવસમાં નાશ** થાય. **એવાં સો વર્ષ પ્રકૃતિપુરુષ જીવે છે.** એમ ત્યાં સુધી **કાળ** પૂગે છે. ત્યારે બીજા શું કાળ થકી મૂકાવે ? માટે તેને વિષે અરુચિ કરીને એક અક્ષરધામના ધામી જે પુરુષોત્તમ ભગવાન મળ્યા છે, તેનું મહાત્મ્ય સમજીને તેનો જ બ્રહ્મરૂપે કરીને આશરો કરવો, ને ત્યાં પૂગવાની રુચિ રાખવી; ને એના સાધુને વિષે જીવ બાંધવો, જોને બીજાએ રાસ કર્યો ને આવા સાધુએ તોડાવ્યો ત્યારે એથી અધિક તો સાધુમાં સામર્થ્ય છે. ત્યારે પુરુષોત્તમની તો વાત જ શી ! આ સિદ્ધાંત વાર્તા કહી છે. તે જો નહિ સમજાય તો ખોટ રહી જાશે; ને વાંસેથી પસ્તાવો થાશે ને દેહ રહે કે ન રહે તોપણ કસર કાઢી નાખવી. ૯૫

નૃસિંહાનંદ સ્વામીને મહારાજે ભણાવવા માંડ્યા; તે પંચ સંધિ મહિના એકમાં કંઠે કરી પણ મૂર્તિ દેખાતી તે ન દેખાણી પછી રોયા ! તે મહારાજ કહેઃ ''ભણવું મૂકી દિયો.'' પછી મૂર્તિ અખંડ રાખ્યામાં દાખડો બહુ પડશે; કેમ જે આ જીવે પાપ ઘણાં કર્યા છે, તે પાપના **કરોડ** કોઠાર ભર્યા છે; તેમાંથી ભગવાને એક કોઠાર ફાડીને અર્ધાના ઈન્દ્રિયો, દેહ આદિ સમસ્ત કર્યું, ને અર્ધામાંથી તેનાં ભોગનાં સ્થાનક કર્યાં, માટે એ બધુંય પાપ છે. કોઈ ઈન્દ્રિય-અંતઃકરણ ભગવાન ભજવા દે એવાં નથી; ને જીવ તો એકલો છે, તે જો બળિયો થાય તો ભગવાન ભજાય; નીકર ભજવા દે એવાં નથી. પણ જે દી' તે દી' આ કર્યે છૂટકો છે. એ સિદ્ધાંત છે. ને અંતરદૃષ્ટિ કરવી તે ધીરે ધીરે કરવા માંડ્યે થાય; તે એમ કર્યા વિના છૂટકો નથી. ૧૪૫

જીવ પંચવિષય સારુ હેરાન મળે છે (ખુવાર થાય છે) તે એક એક વિષય ગિરનાર જેવડા છે; તે ઉખડતા નથી. ને આ બધો મુલક મંડે તો ગિરનાર પર્વત પણ ઉખેડી નાખીએ; પણ કામ તો **કરોડ** ઉપાયે પણ ન ઉખડે. ને બે વાંદરા કામ સારુ લડ્યા, તેમાંથી એક વાંદરો દોડ્યો ને ઝાડને બચકું લીધું ! તે દાંત ખૂંચી ગયા એટલે મરી ગયો; એવું કામ વિષયનું છે ! કામથી ક્રોધનું વધુ :-

कामं दहन्ति कृतिनो ननु रोषदृष्ट्या रोषं दहन्तमुत ते न दहन्त्यसह्यम् ।
सोऽयं यदन्तरमलं प्रविशन्बिभेति कामः कथंनु पुनरस्य मनःश्रयेत ॥

એ શ્લોક બોલીને કહ્યું : જે 'શિવના ગણે તો કામ બાળી નાખ્યો છે, પણ ક્રોધે કરીને પોતાના અરધા અરધા હોઠ કરડી ખાધા છે !' તે માટે બધુંયે જાળવવું. ને છઠ્ઠું મન પણ નીલવાંદરા જેવું છે; જે હળી હળીને દોડે છે. ને એક ક્ષણ સ્થિર થાતું નથી. ૧૭૦

એક જણે પૂછ્યુ : જે ''સૌ કરતાં વા'લું શું હશે ?'' ત્યારે ઉત્તર કર્યોઃ જે 'અમને તો દેહ જણાય છે.' તે મહારાજે પણ એક સાધુ આગળ કહ્યું કે ''જીવને **કરોડો** પાપના કોઠાર ભર્યા છે'' એ વાત વિસ્તારે કરીને બોલ્યા : જે 'તે માટે એ પણ પાપનાં છે;' તે ભેળે દેહની એકતા આવી તેમાં જીવ જુદો રહ્યો, તેને

બળિયો કરીને ઓની ભેળું રહેવું, પણ ભળવું નહિ; ને કોઈ પદાર્થ કે વિષય રાખવાં નહિ; પછી ત્યાં જઈને ભોં ખોતરવી પડે એ કરતાં આંહીં જ છૂટકો કરીએ નહિ ? ૧૭૫

હે પરમહંસો ! શાંતિ તો એક નારાયણના ચરણારવિંદમાં જ છે. તે માટે તે સામું જોઈ રહેવું. જેમાં નિદ્રા આવવી જોઈએ તેમાં નથી આવતી, આ ટોડાં સારે છે તેમાં નથી આવતી ને જો માળા ફેરવવા બેસે તો બધાયને આવે ! પણ ધીરે ધીરે ભગવાનને સંભારતા જાય ને ટોડાં લાવતા જાય તો એમ જ થાય. મરને એક ટોડું ઓછું આવે, પણ એવા સ્વભાવ પાડેલ નહિઃ આવાં તો બ્રહ્માંડમાં એક લાખ-**કરોડ** કારખાનાં ચાલતાં હશે એમાં શું પાક્યું ? આગ્રામાં અઢાર **કરોડ** રૂપિયાનું એક કબ્રસ્તાન છે, તેણે શું થયું ? માટે ભગવાન ભજ્યામાં સુખ છે. ૧૮૪

ઓહો ! માણસ બધાં આ થાંભલાના દર્શન કરે છે; પણ કોઈ સાધુનાં નથી કરતાં ; ને **કોટિ** વાતની એક વાત છે જે : જે દિવસે ભગવાન અને આવા સાધુને નમશે તે દિવસે જ છૂટકો થવાનો, જે દિવસ અખંડ ભજન કરશે ને જે દિવસ દોષ મૂકશે તે દિવસ જ ભગવાનના ધામમાં રહેવાશે; કરોડ વાતની એ જ એક વાત છે. ૧૯૫

અને વળી કહ્યું : જે, જો તમે આવ્યા તો દર્શન થયાં. **કરોડ જન્મ તપ કરીએ તોપણ આટલી વાતોના જેટલો સમાસ ન થાય**; જો વિચાર હોય તો. માટે ભગવાન કે ભગવાનના જન પાસે ગયા વિના છૂટકો થાય નહિ ને જ્ઞાન પણ આવે નહિ. ને **સો વર્ષ ભગવાન ભેળા રહીએ તોપણ સાધુ પાસે રહ્યા વિના સમજણ ન આવે.** ને કોઈક મહારાજ પાસે આવીને થોડુંક બેસે ત્યાં મહારાજ કહેશેઃ જે 'મુક્તાનંદ સ્વામી પાસે જાઓ.'' એમ મોકલતા. પછી સ્વામી વાતો કરતા. તે માટે **મોટા સાધુ સેવવા.** પછી ભગવાનની પેઠે સેવવા યોગ્ય સાધુનાં લક્ષણ છેલ્લા પ્રકરણના છવ્વીશના વચનામૃતમાં છે તે વાંચો; એમ આજ્ઞા કરીને વંચાવ્યું. ૧૯૮

અને કેટલેક ઠેકાણે ધર્મ કરે છે તેમાં **કરોડ** મણ દાણા વાવરે છે, પણ એક અધશેર બરોબર ન આવે; ને એક અધશેર પણ એવું છે. જેમ ઋષિએ વનમાં સાથવાની ચાર પત્રાવળી પોતાને સારુ પૂરી હતી; પણ જો ઓલ્યા ઋષિ માગવા આવ્યા તેને દીધી તો તે ટાણે ચારે ખાઈ ગયા ને જ્યારે હાથ ધોયા, ત્યારે તેમાં નોળિયો આળોટ્યો ત્યાં સોનાનો થઈ ગયો ! ને પાંડવે યજ્ઞ કર્યો તેમાં ન થયો, કાં જે એનું દ્રવ્ય એવું હતું. શું ? જે એ ધન તે મરુત રાજાનું લૂંટીને લાવ્યા હતા. ને ઓલ્યું થોડો જ સાથવો હતો; પણ મહેનત કરીને ભેળો કરેલ અને વળી શ્રદ્ધાસોતું દીધું, તેમ આગળ પાત્ર પણ એવું હતું. માટે **પાત્ર જોઈને દાન કરવું.** ૨૦૦

અને મહા વદીમાં વાત કરીઃ જે અમારી પોર, આ દહાડાની અરજી ભગવાન પાસે છેઃ જે ''એક ગય રાજા જેવો રાજા ને રઘુવીરજી જેવા બે આચાર્ય મોકલો; નીકર આ લોકમાં બે **કરોડ** માણસ ભગવાન ભજે છે તેને સુખ નહિ આવે, તે પાપી નહિ આવવા દે.'' ૨૪૧

અને એક સાધુને તો પંડે સ્વપ્નમાં ઠોંટ મારીને કહ્યું : જે ''તું જૂનેગઢ જા'' આ સાધુના તો દર્શન કર્યે પંચ મહાપાપ બળે એવા છે; પછી તે નહિ મળે ને પછી **કરોડ** રૂપિયા ખરચશો તોપણ નહિ મળે. માટે જો બાજરો મળે તો તો જોગ કરી લેવાનો લાગ આવ્યો છે, પછી પસ્તાવો થાશે; માટે ચોખ્ખું કહીએ છીએ. ૨૬૩

આ તો **કરોડ** મણ સૂતરની આંટીઓ ઘુંચાઈ ગઈ છે તે કેમ ઊખળે ? કોઈ દાખડો કરે તોપણ ન ઊખળે; પણ જો આ બ્રહ્માંડ જેવડો ફાળકો કરે તો સહેજે ઊખળે. એમ જીવ ઘુંચાઈ ગયો છે, પણ ભગવાન ભજે તો ઊખળે. ૨૭૪

પૃથ્વી ગંધને મૂકે પણ ભીષ્મનું બ્રહ્મચર્ય ન જાય. એમ અડગ ભગવાનને સમજે અને વળી, મહારાજે **કરોડ કરોડ** સાધન કહ્યાં છે, પણ તેમાં ત્રણ મુખ્ય છે; તેમાં **એક ભગવાન, બીજું તેમના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને ત્રીજી આજ્ઞા એ ત્રણ જો બરાબર સમજે તો બધુંયે થયું.** ને આજ્ઞામાં ધર્મ પણ આવી ગયો ને આજ્ઞામાં સર્વે સાધન પણ આવી ગયાં; અને આપણે મહારાજની આજ્ઞા, ઉપાસના તથા એકાંતિક સંત સાથે હેત છે માટે જે જે કરવાનું છે તે આપણે થઈ રહ્યું છે; હવે કાંઈ કરવું રહ્યું નથી. ૨૯૬

❑ ❑ ❑ ❑ ❑

આવી તો કેટલીય વાતો કરી છે સ્વામીએ પણ તમારા સમયને અનુલક્ષીને અહીં માત્ર સ્વામીના જ્ઞાનના અનંત કરોડ અબજના ખજાનામાંથી જેની કરોડોની કિંમત થાય એવી થોડી વાતો જ ટાંકી છે. એમ કહોને કે આ તો શો-રૂમ જ દેખાડ્યો છે. ગોડાઉન તો હજુ તમે જોયું જ નથી...!!

કરોડોની કિંમતમાં લકઝરી બંગલાવાળાનેય કોઈ દિવસ ન મળે એવી હળવાશ લાગે છે ? અંતરમાં ટાઢું લાગે છે ? જો હૈયું હા પાડે તો લો નિયમ કે અમે નિયમિત સ્વામીની વાતો વાંચીને શબ્દને માધ્યમ બનાવીને સ્વામીનો સમાગમ કરીશું અને કરોડો જન્મથી વળગેલી વાસનાને હડસેલીને સંપૂર્ણ નિર્વાસનિક થઈશુ...!!

સત્સંગની રીત, મર્યાદા, ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય એ બધું શીખશું. અંતરમેલને દૂર કરીને વિમલ અંતઃકરણ બનાવીશું અને અમારા શ્વાસોશ્વાસમાં, અમારા રોમે-રોમમાં લોહીના એક-એક કણમાં અનંત કરોડ બ્રહ્માંડ જેના એક રોમમાં ઊડતા ફરે એવા સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની નિષ્ઠાની ખૂમારી એવી તો દાબી-દાબીને ભરી દઈશું કે કોઈ કદાચ કરોડ પ્રયાસ કરે તેમ છતાં લેશ પણ ઉણપ ન આવે...!!!

પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા

સાધુ અમૃતસ્વરૂપદાસ

ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની અમીદ્રષ્ટિથી તેમજ વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી, સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી વિરચિત સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન'**ની નવ દિનાત્મક **કથાપારાયણ** પ્રસંગે **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ** રજૂ કરેલા સાંપ્રદાયિક લીલાપ્રસંગો, સંત-ભક્તોના ચરિત્રો, ધર્મગ્રંથોના દ્રષ્ટાંતો, અન્ય સામાજિક દ્રષ્ટાંતો તેમજ આધ્યાત્મિક મૌલિક વિચારોનું **'આદર્શ સત્સંગ કથાસુધા'** પુસ્તકના સારરૂપ ડીસેમ્બર-૨૦૧૪ 'ચિંતન' અંકની લેખમાળાના અનુસંધાનથી આ ચિંતન અંકમાં પ્રસ્તુત છે.

**ગતાંકથી આગળ...**

પછી તેઓને છોડી મૂક્યા. તેથી પેલો કરશન પગી વિલે મોઢે ઘેર ગયો અને તેના પગમાં સડો પેઠો. ભક્તના દ્રોહના કારણે ઘણી દવા કરાવી, છતાં પણ સારુ ન થયું અને અંતે રીબાઇ રીબાઇને ભૂંડે હાલ મૂવો !

✤ ગુજરાતમાં **કરજીસણ** નામનું ગામ છે. ત્યાં ગોવિંદભાઈ નામે સારા સત્સંગી ભક્ત થઈ ગયા છે. તેઓને એક પુત્ર હતા. તેમનું નામ **ત્રીકમભાઇ** હતું. બન્ને સારા ભક્ત હતા. તે ગામમાં સાકરચંદ નામનો એક શેઠ હતો તે વ્યભિચારી હતો. એક દિવસ એક સ્ત્રી સાથે તે સવારમાં વહેલો વ્યભિચાર કરતો હતો, તે સમયે ત્રીકમ ભક્ત દિશાએ જતા હતા, તેથી તેઓ આ બન્નેને જોઇ ગયા, પરંતુ કંઇ બોલ્યા નહિ. પરંતુ સાકરચંદને એમ થયું કે - ''આ ત્રીકમ હમણાં ગામમાં જઈને બધા લોકોને કહી દેશે, તેથી મારી આબરુ જશે; તેથી હું એવી ગોઠવણ કરુ કે તેની જ આબરુ જાય.'' એમ વિચારીને પેલી સ્ત્રીને કહ્યું : ''હું ત્રીકમ ઉપર વ્યભિચારનો આરોપ મૂકું છું અને તારે પંચ આગળ સાક્ષી પુરવાની કે સવારે વહેલા, ત્રીકમે મારા ઉપર બળાત્કાર કર્યો છે.''

આ રીતે નક્કી કરી બન્ને પોતપોતાને ઘેર ગયા. સવારે પંચને ભેગું કરી સાકરચંદે, ગોવિંદ ભક્તને અને તેઓના પુત્ર ત્રીકમ ભક્તને બોલાવીને કહ્યું : ''હે ત્રીકમ ! તેં ફલાણી સ્ત્રી ઉપર આજે સવારે બળાત્કાર કર્યો છે, માટે તારે દંડ ભોગવવો પડશે.'' સાકરચંદની વાત સાંભળી ત્રીકમ ભક્ત તો આભા જ બની ગયા ! અને પંચને કહેવા લાગ્યા : ''સાંભળો. આજે સવારે તો તે સ્ત્રી સાથે વ્યભિચાર કરતા મેં મારી નજરે સાકરચંદને જોયા છે પરંતુ તેમની આબરુને ખાતર મેં કોઇને વાત કરી નથી, તેની બદલીમાં તેણે મારા ઉપર ખોટો આરોપ મૂક્યો છે.'' ત્રીકમ ભક્તની વાત સાંભળીને પંચે કહ્યું : ''તારી પાસે સાક્ષી હોય તો સત્ય માનીએ. અને સાકરચંદ પાસે તો સાક્ષી છે.'' એમ કહીને પેલી વ્યભિચારિણીને કહ્યું : ''બોલ આ વાત સાચી છે ?'' ત્યાંતો તે નાટકની અંદર ભૂમિકા

ભજવતી હોય તેમ પોક મૂકીને રડવા લાગી અને બોલી : "સાકરચંદ શેઠ તો મારા પિતા સમાન છે અને મારી લાજ લૂંટનાર તો ત્રીકમ છે." પંચને પુરાવો મળ્યો તેથી ત્રીકમ ભક્તને કહ્યું : "તારી પાસે પુરાવો નથી અને છતાં પણ તું કહે છે કે - હું નિર્દોષ છું, તો તે સાબિત કરવા માટે ગરમાગરમ કોશ ઉપાડ. જો તું બળે નહિ, તો અમો તને નિર્દોષ માનીએ." તુરંત ત્રીકમ ભક્તે કોશ ઉપાડવાની હા કહી. તેથી કોશ ગરમ કરીને લાવ્યા. પછી આખા ગામના દેખતાં ત્રીકમ ભક્તે શ્રીહરિજીની પ્રાર્થના કરી બે હાથે કોશ ઉપાડી. ત્યાં તો આશ્ચર્ય થયું ! ભક્તને એક પણ ફોલ્લો ન પડ્યો. ત્યારે સાકરચંદ બરાડી ઊઠ્યો : "ત્રીકમે મેલા મંત્રનો જાપ કર્યો છે તેથી તે બળ્યો નથી." પરંતુ પંચે તેની વાત માની નહિ અને ત્રીકમ ભક્તને નિર્દોષ ગણી છોડી મૂક્યા.

પછી તેઓ મૂળી ધામમાં દર્શને ગયા, ત્યારે **સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી** ત્યાં હતા. તેથી સ્વામીને સર્વે વાત કરી ત્રીકમ ભક્ત રડી પડ્યા. ભક્તનું દુઃખ સાંભળી સ્વામીના મુખમાંથી શબ્દ નીકળી ગયા : "તેના તો કાંડા કપાવા જોઈએ." પછી તો એમ જ થયું. ભક્ત ઉપર આરોપ મૂકી તેમનો દ્રોહ કર્યો હતો અને સ્વામી પણ કુરાજી થયા હતા, તેના કારણે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ. એક દિવસ બહારગામ ઉઘરાણીએ સાકરચંદ ગયો અને ત્યાં જઈને પેલા લોકોને ગાળો દીધી. તેના કારણે પેલા લોકો સંપીને રસ્તામાં સંતાઈ ગયા. પછી સાકરચંદ નીકળ્યો એટલે તુરંત પેલા લોકોએ ખૂબ માર્યો અને અંતમાં બન્ને હાથનાં કાંડાં કાપી નાખ્યાં... જુઓ એક **ભક્તદ્રોહ**નું પરિણામ !!

✤ અમરેલી પાસે **તરકતળાવ** નામનું ગામ આવેલું છે. ત્યાં લુહાર જ્ઞાતિના **કરશન ભગત** રહેતા હતા. ગામમાં કોઈ સત્સંગી ન હતા એટલે તેણે પોતાના ઘેર મંદિર કર્યું હતું. મંદિરનું કામ ચાલતું હતું ત્યારે બાજુમાં વણીક રહેતો હતો તેને કરશન ભગતે પૂછ્યું : "શેઠ ! તમોને નડે તેમ ન હોય તો મંદિરનું મોતીયું મૂકું ?" ત્યારે વણીકે હા કહી તેથી મોતીયું મૂક્યું. મંદિર તૈયાર થઈ ગયું પછી વાણિયો બોલ્યો : "એ તો મને નડે છે માટે કાપી નાખીશ." ત્યારે કરશન ભગતે વાણિયાના પગ પકડીને રડતાં રડતાં કહ્યું : "પહેલા મારું માથું કાપો, પછી મારા દીકરાનું માથું કાપો પણ મોતીયું કાપશો નહિ." પરંતુ ભગતનો એક પણ શબ્દ સાંભળ્યો નહિ અને વાણિયો પોતે કરવતી લઈને મંદિર ઉપર ચઢ્યો અને મોતીયું કાપી નાખ્યું. પછી કરશન ભગતે તે લાકડાનો ટુકડો લઈને કહ્યું : "શેઠ ! આ તો મારું માથું કાપ્યું છે, માટે તેનું ફળ થોડા દિવસમાં મળશે." એમ કહીને તે ટુકડાને લઈને પેટીમાં મૂકી દીધો.

ભક્તની આંતરડી દૂભવી તેના કારણે વણીકની બુદ્ધિ ભ્રષ્ટ થઈ, તે સમયે તેનો છોકરો બીમાર પડ્યો. તેથી ગણેશજીને વણીકે પ્રાર્થના કરીને કહ્યું : "મારા છોકરાને સાજો કરો, નહિતર હું કમળપૂજા ખાઈશ." અર્થાત્ તે વણીક ગણપતિનો ઉપાસક હતો તેથી તેણે કહ્યું કે - "મારા પુત્રને સારુ નહિ થાય તો હું તમારી આગળ જ આત્મહત્યા કરીશ."

આ રીતે ખૂબ પ્રાર્થના કરી, પરંતુ ભક્તના દ્રોહીનું કોણ સાંભળે ? પછી તો છોકરાને સારુ ન થયું, તેના કારણે હાથમાં તલવાર લઈને ઘરના દરવાજા બંધ કર્યા અને તમામ છોકરા, છોકરીયું અને પત્નીને મારી નાખ્યાં. પછી લોહીના અક્ષર લખ્યા કે - "આ સર્વે વ્યક્તિઓને મેં માર્યા છે તેમાં કોઈનો વાંક નથી અને મેં મારી મેળે કમળપૂજા ખાધી છે." આ રીતે લખીને પોતે પણ તલવાર પેટમાં ભરાવીને પડ્યો, પરંતુ બરાબર વાગી નહિ તેના કારણે મૃત્યુ ન થયું અને તરફડીયા મારવા લાગ્યો.

આ રીતે રાત્રિ પુરી થઈ ગઈ અને વળતા દિવસના બાર વાગ્યા તો પણ મર્યો નહિ. બપોર સુધી કોઈ ઘર બહાર ન નીકળ્યું તેથી ગામના આગેવાનો આવ્યા અને દરવાજા તોડીને અંદર ગયા. ત્યાં તો ઘરના સર્વે મૃત્યુ પામેલા અને વાણિયો તરફડતો હતો, તેથી તુરંત પેટમાંથી તલવાર ખેંચી લીધી, ત્યાં તો તેનો જીવ પણ મળદ્વારેથી નીકળીને યમપુરીની વાટે ચાલ્યો ગયો.

આ વાતની ગામમાં જાણ થતાં સૌ દોડાદોડ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા : "કરશન ભગત તેમના પડોશી છે, માટે તે જાણતા હશે." ત્યારે આગેવાનોએ લોહીથી લખેલા અક્ષરો વાંચ્યા, તેથી ભક્તને કહ્યું નહિ. આ પ્રસંગ જોઈને કરશન ભગત સમજી ગયા કે - "આ કામ મોતીયું કાપ્યું છે એટલે જ થયું છે."

✤ પીઠવાજાળ નામના ગામમાં **ખીમા ભક્ત** થઈ ગયા છે. તેઓની અટક **ડોબરીયા** હતી. તેઓ રાઘવાનંદસ્વામી અને રામાનુજાનંદ સ્વામીના યોગથી ચુસ્ત સત્સંગી બન્યા હતા. પ્રથમ તો આખા ગામમાં પોતે એક જ સત્સંગી હતા. તેથી ગામના ચોરામાં રહેતા ગામગુરુએ ખીમા ભક્તને બોલાવીને કહ્યું : "એલા ખીમા ! બાપ કોઈ દિ' બદલાય ખરો ? તેં તો બાપ બદલ્યો છે બાપ. હું આખા ગામનો ગુરુ છું તેથી મને છોડીને તું સ્વામિનારાયણનો કેમ થયો ? મારામાં તેં કઈ ઉણપ જોઈ ? તે મારી કંઠી તોડીને એની પે'રી ? માટે તોડી નાખ્ય એની કંઠી." પરંતુ ખીમા ભક્તે તો ચોખ્ખું સંભળાવી દીધું : "કંઠી તો મારા માથા સાટે છે, ગમે તેમ કરશો તોય પણ હું સત્સંગ નહિ છોડું."

આવું સાંભળીને બાવાને ક્રોધ ચઢ્યો તેથી ખીમા ભક્તને પકડીને ચત્તા સુવાડીને છાતી ઉપર ખાટલાનો પાયો મૂકીને જોર જોરથી કુદવા લાગ્યો. તેની પીડાને કારણે ખીમા ભક્તને મૂર્છા આવી ગઈ અને બેભાન થઈ ગયા.

ભક્તનું દુઃખ જોઈ ભગવાન શ્રીહરિ બગાઈ બનીને આવ્યા અને પેલા નિર્દય બાવાના કાનમાં પેસી ગયા અને જોર જોરથી ચટકા ભરવા લાગ્યા. તેથી એકદમ પલંગ ઉપરથી નીચે ઉતરી ગયો અને અંતે માથું પછાડી પછાડીને કમોતે મૂવો. ખીમા

ભક્તને દર્શન આપી શ્રીહરિજીએ સર્વે પીડા દૂર કરી.

➠ ભગવાન **શ્રીહરિ** કહે : ‘‘અમે અણમોલ મનુષ્યદેહ આપ્યો છે. એ મનુષ્યદેહ પ્રાપ્ત થયા પછી પણ જે ભગવાનનું ભજન કરતો નથી અને ભગવાન દયા કરે તો મંદિર જવાય, ભગવાન કૃપા કરે તો ભજન થાય, ભગવાનની ઈચ્છા હોય તો કથાવાર્તાનો યોગ થાય - આવા બહાના કાઢીને જે ભજન કરતો નથી એવો જે વિમૂઢ પુરુષ છે તે બાળો સાદ કરીને ફરીને પાછો જન્મ લેવા પામશે નહિ. એને તો માતાના ઉદરમાંથી કાપી કાપીને બહાર કાઢવો પડશે.’’



સર્વોપરી ભગવાન મળ્યા પછી જોજ્યો માયિક સુખને માટે એનો વેપાર કરી નહિ નાખતા. ભગવાનને મૂકીને બીજે વળગી નહિ જતા. આપણને જે ભગવાનની પ્રાપ્તિ થઈ છે એના **કેફ**માં રહેજો, એની મોજમાં રહેજો, એની મસ્તીમાં રહેજો.

➠ આ ભૂમંડળમાં પરમાત્મા અને મહાપુરુષો આવે છે અને તેનો હજારો ને લાખો મુમુક્ષુ જીવાત્માઓને મેળાપ પણ થાય છે. પરંતુ તેમ છતાં જ્યાં સુધી ઓળખાણ થતી નથી ત્યાં સુધી અંતરમાં **આનંદની અનુભૂતિ** આવતી નથી. પરમેશ્વર અને મહાપુરુષોનો મેળાપ થયા પછી પણ જીવાત્માને એની ઓળખાણ થવી બહુ જરૂરી છે. મિલનનો જે આનંદ છે, તેના કરતાંય **ઓળખાણનો આનંદ** અનેક ગણો **અધિક** છે.

ભગવાન મળે કે મહાપુરુષો મળે, એના મિલન માત્રથી જીવાત્મા કૃતકૃત્ય નથી બનતો; પરંતુ જેનું મિલન થયું છે એમની ઓળખાણ જ્યારે થાય છે ત્યારે જીવાત્મા કૃતકૃત્ય બની જાય છે.

➠ સર્વોપરી ભગવાન મળ્યા પછી જોજ્યો માયિક સુખને માટે એનો વેપાર કરી નહિ નાખતા. ભગવાનને મૂકીને બીજે વળગી નહિ જતા. આપણને જે ભગવાનની પ્રાપ્તિ થઈ છે એના **કેફ**માં રહેજો, એની મોજમાં રહેજો, એની મસ્તીમાં રહેજો.

ધાંડલા ગામની પેલી ડોશીને કેવો કેફ !!

ધાંડલાં ગામની એક અભણ સ્ત્રી - જેનું નામ **મૂળી ડોશી,** તેના અંતસમે ગામના લોકો પ્રશ્ન કરે છે : ‘‘આ સ્વામિનારાયણ સ્વામિનારાયણ રટે છે પણ તેમાં તારું કલ્યાણ થાશે ?’’ ત્યારે એ વૃદ્ધ ડોશીના મુખમાંથી શબ્દો નીકળે છે : ‘‘મારા કલ્યાણની તો શું વાત કરો છો...! પણ જેણે જેણે મારા હાથના ઘડેલા રોટલા ખાધા તેનું પણ કલ્યાણ થશે, અરે ! જેણે મારા ગોળાનું પાણી પીધું તેનું પણ કલ્યાણ થશે. એ આ જો આવ્યા મારા પ્રભુ... - હું તેમના ભેળી અક્ષરધામે જાઉં છું.’’ આમ કહીને આખા ગામના માણસોને અલૌકિક પ્રતાપ દેખાડીને ધામમાં જાય છે.

ગામ ગાધકડાનો **ગોવિંદ મેરાઈ** - દરજી કામ કરે ને નિરંતર મુખે સ્વામિનારાયણ સ્વામિનારાયણ રટે... ગામલોકો કહે : ‘‘આમને આમ નામ સ્વામિનારાયણ રટે છે, તે શું કલ્યાણ કરશે ? અમથો મંડ્યો છે ? અલ્યા ગોવિંદા...’’ તો સાંભળતા શ્રીજીમહારાજના નિષ્ઠાવાન ભક્તરાજ ગોવિંદ દરજી કહે : ‘‘તમે લોકો મારા કલ્યાણની ક્યાં વાત કરો છો, પરંતુ મારું સીવેલું લુગડું જે પહેરશે તેનું પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ કલ્યાણ કરશે.’’

આ આ કેફ, આ ખુમારી, આ બળ, આ નિષ્ઠા, આ હિંમત તે કંઈ રમતની વાત નથી. આ સુવર્ણ અક્ષરે અંકાયેલા સંપ્રદાયના આવા તો અસંખ્ય પ્રસંગો સર્જાયા છે, અને આજે પણ અનેક પ્રસંગો બને છે.

આજે પણ આ સમગ્ર વિશ્વમાં મોક્ષ માટે સાધના કરનારાઓની ખોટ નથી, પરંતુ સાધના અને સાધનોના સરવાળાને અંતે સૌને જીવનની બાદબાકી સિવાય કશું જ હાથ આવતું નથી. ત્યારે જ તો એકબાજુ હૈયાની વરાળ ઠાલવતો સમુદાય છે તો બીજી બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ભક્ત સમુદાય છે જે હૈયાના હરખનો ગુલાલ ઉડાડતાં ઉડાડતાં ગાય છે :

**‘આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;....**
**અનાથપણાનું મ્હેણું ઊતર્યું, સદા થયા સનાથ;**
**કંગાલપણું કહેવા ન રહ્યું, સદા મનાણું સુખ;**
**મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં દુઃખ; ભાગ્ય૦’**

(નિષ્કુળાનંદ કાવ્ય : સારસિદ્ધિ - ક. ૪૮, પદ - ૧૨)

**‘રાંકપણું તો રહ્યું નહીં, કોઈ મા કે’શો કંગાલ;**
**નિરધનિયા તો અમે નથી, મહામળ્યો છે માલ; સંતો૦’**

(નિષ્કુળાનંદ કાવ્ય : સારસિદ્ધિ - પદ - ૧૨)

**‘શીદને રહિએ રે કંગાલ રે સંતો શીદ૦**
**જ્યારે મળ્યો મહામોટો માલ રે સંતો;**
**પૂરણ બ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક વાલ;**
**અમલ સહિત વાત ઓચ્ચરવી, માની મનમાં નિહાલ રે; સંતો૦’**

(નિષ્કુળાનંદ કાવ્ય : ધીરજાખ્યાન, પદ - ૧૦)

સમગ્ર જગતમાં ક્યાંય જોવા-વાંચવા પણ ન મળે તેવી કેફની **કેફિયતો** અહિં જે છૂટેલી છે, તેમાં જ આ સંપ્રદાયની **વિશેષતાનું સંગોપન** થયું છે. સંપ્રદાયની આ વિશેષતા એ સંપ્રદાયના નક્કર **સત્ય ઈતિહાસ** પર ઊભી છે. અનેક સંતો-ભક્તોના મુખમાંથી નીકળેલા આ મહિમાવંતા શબ્દો એ કંઈ અંધશ્રદ્ધાની આંધીમાં અટવાયેલાઓના શબ્દો નથી, કે નથી મનોવશીકરણથી અભિભૂત થયેલાઓના શબ્દો. ખુમારીથી

ઝળહળતા આ શબ્દો એ નથી મિથ્યા માન-મોટપ મેળવવા ફૂંકેલા બણગા, કે નથી પૂજાવા-મનાવા માટે ફૂટેલા ફણગા. આ તો છે પ્રગટ ભગવાનની પ્રાપ્તિના પ્રસંગથી પ્રગટેલી તેજધારાઓ. આ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજે પણ નાના બાળકથી લઈને વડીલ પરમહંસો સહિત સૌને પ્રતીતિ છે કે મને ભગવાન પ્રગટ મળ્યા છે. જેથી તો એ પ્રાપ્તિના બળે જ કલ્યાણની આ પ્રતીતિ પ્રગટી છે. એટલે જ તો આ સંપ્રદાયના અનેક સંતો-ભક્તોના હૈયે ફૂટેલા ફુવારા ગમે તેવા સાંસારિક તાપ-સંતાપથી સુકાયા નથી.

❖ જૂનાગઢના મહેસૂલ ખાતાના એક ઉચ્ચ નાગર અધિકારીના પત્નીએ વધી પડેલી કઢી **'ગોવા'** નામના એક **ભંગી**ને આપી. ગોવાએ કહ્યું : 'બા ! તમારી કઢી અમને ન ખપે !' ન ખપે એટલે શું ? તું વળી અમારા કરતાંય ઊંચો થઈ ગયો ? નાગર ગૃહિણી છંછેડાઈ ગઈ.

ત્યારે ગોવાએ કહ્યું : 'ઊંચનીચમાં તો અમે માનતા નથી, કારણ કે અમે રહ્યા સ્વામિનારાયણ, પણ બા, રાજી રહેજો. તમારું અપમાન કરવા નથી કહેતો, પણ તમે રહ્યા નાગર બ્રાહ્મણ. નાગરો સ્વાદિયા બહુ હોય એટલે કઢીની અંદર લસણવાળી ચટણી નાંખી હોય અને અમારા માટે એ અભક્ષ્ય કહેવાય. અમે લસણ-ડુંગળી ખાતા નથી.' ઘરમાં અંદર બેઠેલા નાગર અધિકારી પોતાની પત્ની અને ગોવાનો આ **વાર્તાલાપ** સાંભળી રહ્યા હતા. એ બહાર દોડી આવ્યા. ગોવાને મળીને તેની વાતો સાંભળીને **અવાક્** બની ગયા. એમણે ગોવાનો **પરિચય** માંગ્યો. ગોવાએ કહ્યું : 'હું ભગવાન શ્રી સ્વામિનારાયણના મંદિરમાં સ્વચ્છતાની સેવા કરવા જાઉં છું, સંતોને સેવામાં મદદ કરું છું, અને એમની વાણી સાંભળું છું - એનો આ પ્રતાપ છે !' એ અધિકારીએ કહ્યું : 'ગોવા, આજથી તારે મેલું ઉપાડવાનું બંધ. તું સૌનો મુકાદમ. (મજૂરોનો ઉપરી) રાજના ખર્ચે તને મકાન આપીશ, તારે એમાં રહેવાનું ને ભજન કરવાનું !'

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** લખે છે :

**'રૂડી મુડી પામ્યા રોકડી નહિં**
**ઉધારાની વાત,**
**અમલ ભર્યા સહુ ઉચ્ચરે પ્રભુ મળ્યા**
**છે સાક્ષાત;**
**ઓશિયાળું શિદ ઓચરે બોલે મગન**
**થઈ મુખ,**
**જન્મમરણનું જીવમાં રહ્યું નહિ જરા**
**કેને દુઃખ.'**

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર. ૫૪)



વર્ષોની કઠિનમાં કઠિન તપશ્ચર્યાઓ પછી પણ સંન્યાસીઓ કલ્યાણ પામવાની પ્રતીતિથી વંચીત રહી ગયા છે.તે પ્રતીતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સંપ્રદાયમાં સુગમ અને સરળ બનાવી છે. આ જ આ સંપ્રદાયની **મહાન વિશેષતા** છે.

છતે દેહે કલ્યાણ પામ્યાની પ્રતીતિ સાથે મહાલતા ભક્તોનો **માહોલ** નિહાળ્યો હોય તો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઘેર જ. કારણ કે આ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અભણથી લઈ શાસ્ત્રવેત્તા સુધી, હળ ચલાવનારથી લઈ રાજ્ય ચલાવતા કારભારી સુધી તેમજ ગૃહસ્થ હોય કે ત્યાગી, બાઈ હોય કે ભાઈ - સૌનાં અંતરમાં રણકતો **કલ્યાણની પ્રતીતિનો રણકાર** નવાગંતુકને અવશ્ય સાંભળવા આજે પણ મળે છે. જેથી તો દરેકનું હૈયું હરખથી ગાય છે :

**'આજ અમૃતની હેલી થઈ, રહી નહિ કાંઈયે ખોટ;**
**એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયા કલ્યાણ કોટ; ભાગ્ય૦'**

(નિષ્કુળાનંદ કાવ્ય : સારસિદ્ધિ - ૫દ - ૧૨)

કાળા અક્ષરને કૂટી માર્યા હોય એવી અભણ બાઈ હોય કે વિદ્વત્તાથી મોટા મોટા રજવાડા ગજવનાર લાડુદાન જેવા, સાહિત્ય સર્જક સ્વામી હોય - સૌ અહિં આનંદના સાગરમાં હિલોળતા જ રહે છે. જેથી કરી સૌના અંતરે એકજ સૂર પડઘાયા કરે છે :

**'કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ;**
**ખોટ મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ; ભાગ્ય૦'**

(નિષ્કુળાનંદ કાવ્ય : સારસિદ્ધિ - ૫દ - ૧૨)

વર્ષોની કઠિનમાં કઠિન તપશ્ચર્યાઓ પછી પણ સંન્યાસીઓ કલ્યાણ પામવાની પ્રતીતિથી વંચીત રહી ગયા છે.તે પ્રતીતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સંપ્રદાયમાં સુગમ અને સરળ બનાવી છે. આ જ આ સંપ્રદાયની **મહાન વિશેષતા** છે.

➠ જગતમાં અનેક મનુષ્યો પોતપોતાના કલ્યાણ માટે અનેક પ્રકારના જુદા જુદા સાધનો કરતા હોય છે, પરંતુ આત્યંતિક કલ્યાણની સાધનામાં ભગવાનના સ્વરૂપનો નિશ્ચય - નિષ્ઠા અતિ મહત્ત્વની છે. શ્રીજીમહારાજે પોતાના ઉપદેશોમાં આત્યંતિક કલ્યાણ માટે અનેક પ્રકારના સાધનોમાંથી શું ઉપયોગી છે, શું આવશ્યક છે અને શું અનિવાર્ય છે તે સ્પષ્ટપણે સમજાવ્યું છે. ભગવાન શ્રીહરિએ વચનામૃતમાં સાધનાનો અદ્ભુત સમન્વય સમજાવ્યો છે. જે સાધનોની જ્યાં, જેટલી ઉપયોગિતા કે આવશ્યકતા હોય તે જરૂર સમજાવી છે, પરંતુ તેમ છતાં આત્યંતિક કલ્યાણ માટે તો ભગવાનના સ્વરૂપના નિશ્ચયનો જ નિર્દેશ કર્યો છે.

શાકભાજીમાં કોથમીર ઉપયોગી છે. તેનાથી કંઈક તો શરીરને લાભ થાય છે અને શાક સ્વાદિષ્ટ લાગે છે, પરંતુ તે ન હોય તોપણ ચાલે. કોથમીર કરતા

મીઠું વધારે આવશ્યક છે. મીઠા વગરનું શાક મોળું કે ફીકું લાગે અને ભાવે પણ નહિ, તેમ છતાં મીઠા વગરનું શાક બની તો શકે; પરંતુ શાકભાજી વગર શાક બને જ નહિ. માટે શાક બનાવવા માટે શાકભાજી અનિવાર્ય છે. તેવી જ રીતે સાધનામાં શું ઉપયોગી છે, શું આવશ્યક છે અને શું અનિવાર્ય છે તે જાણવું અત્યંત જરૂરી છે. ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૩મા **વચનામૃત**માં કહે છે :- “એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દઢ આશરો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે તેણે કરીને ભગવાન રાજી થાય છે. અને એ આશરો અતિ દઢ જોઈએ જેને વિષે કોઈ પોલ રહે નહીં. તે આશરામાં ત્રણ ભેદ છે. એક મૂઢપણે કરીને ભગવાનનો આશ્રય થાય છે. તે અતિ મૂઢ હોય તે તેને બ્રહ્મા જેવો હોય તે આશ્રયમાં ડોલાવે તોય ડોલે નહીં. અને બીજો એ પ્રકાર છે જે, ભગવાનમાં જે પ્રીતિ તેણે કરીને ભગવાનનો દઢ આશરો થાય છે... ત્રીજો પ્રકાર એને બુદ્ધિ વિશાળ હોય...”

શ્રીજીમહારાજે અધ્યાત્મ-સાધનામાં તપ, ત્યાગ, ધર્માદિક સાધનોની આવશ્યકતા સમજાવી છે, પરંતુ સાથે સાથે તેની મર્યાદા પણ સમજાવી છે. ભગવાનના સ્વરૂપનો નિશ્ચય સમજ્યા વગર કે આશરાનું દઢીકરણ કર્યા વગર ફક્ત તપ, ત્યાગ વગેરે સાધનો જીવાત્માનું આત્યંતિક કલ્યાણ કરવા માટે અસમર્થ છે.

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** કહે છે :

**‘નાક કપાવી નથ પહેરવી તે તો નારી નઠારીનું કામ છે, એથી તો મર રહીએ અડવાં, એવાં ભૂષણ પહેરવાં હરામ છે.’**

(નિષ્કુળાનંદ કાવ્ય : વચનવિધિ : ક.૧૧/૭)

નાક કપાવી પછી તેમાં નથી પહેરવાથી નથ પણ ન શોભે, તેમ ગમે તેટલી સાધના હોય, સિદ્ધિઓ હોય, તપ હોય પણ જો ભગવાનના ચરણોનો આશ્રય ન હોય તો મેળવણ વગરનું મળેવું દહીં છે. તે જોવામાં દહીં લાગે છે બાકી તો તે ઝેર છે.

ભગવાનના આશરાની અને નિશ્ચયની મહત્તા વર્ણવતા **ભગવાન શ્રીહરિ** વચનામૃતમાં કહે છે :

- “અંતકાળે તો ભગવાનનો દઢ આશરો હોય તે જ કામમાં આવે છે પણ અંત સમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી, તે સારું ભગવાનની ઉપાસનાને દઢ કરીને રાખવી.” (ગ. પ્ર. ૬૧)

- “હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય, તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે, પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય.” (ગ.મ. ૯)

- “ભગવાનના સ્વરૂપની દઢતા વિના તો ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ.” (ગ. મ. ૧૩)

- “જેને ભગવાનના સ્વરૂપનો તો એવો નિશ્ચય નથી ને તે સુધો ત્યાગી રહેતો હોય ને કામ, ક્રોધ, લોભાદિકને ટાળ્યામાં સાવધાન વર્તતો હોય, તોપણ એના ટાળ્યા કામાદિક નહિ ટળે અને તે અંતે ખરાબ થઈને નરકમાં જ જશે.” (ગ.મ. ૧૪)

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

- “...ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં; બાકી કાંઈ કરવું રહ્યું નથી...”

(સ્વામીની વાતો : ૧/૧૨૪)

- “...**નિશ્ચય રહે એ જ એકાંતિકપણું છે;** ને એ જ રહેવાનું. તે જેમ ચિંતામણિ રહી ને બીજું ધન સર્વે ગયું પણ કાંઈ ગયું નથી; ને ચિંતામણિ ગઈ ને બીજું સર્વે ધન રહ્યું પણ કાંઈ રહ્યું નથી. તેમજ **નિશ્ચય રહ્યો તો સર્વે** રહ્યું, ને અંતે એ જ રહેવાનું છે...” (સ્વામીની વાતો : ૧/૨૦૪)

- “...અને સ્વરૂપનિષ્ઠા છે ને મહિમા છે એ તો વરને ઠેકાણે છે ને બીજાં સાધન તો જાનને ઠેકાણે છે...”

(સ્વામીની વાતો : ૧/૨૯૮)

- “...**નિશ્ચય છે. એ જ આત્યંતિક કલ્યાણ છે; ને નિશ્ચય છે** એ જ સિદ્ધ દશા છે...” (સ્વામીની વાતો : ૧/૩૦૯)

- “...જેટલો જીવને ભગવાનનો નિશ્ચય ને સંબંધ થાય છે તેવું જીવનું કલ્યાણ થાય છે....” (સ્વામીની વાતો : ૧/૧૨૪)

ભગવાન શ્રી કૃષ્ણચંદ્રજી ભગવત્ ગીતાના સાતમા અધ્યાયના ચૌદમા શ્લોકમાં કહે છે :

‘दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।’

“મારી આ ત્રિગુણાત્મક માયા તરવી મુશ્કેલ છે. પરંતુ જે મનુષ્યો મારે જ શરણે આવે છે, તેઓ આ માયાને તરી જાય છે.” તથા શ્રીહરિજીએ પણ પ્ર. ના ૬૧ મા વચનામૃતમાં કહ્યું છે કે - “અંતકાળે ભગવાનનો **દઢ આશરો** હોય તેજ કામમાં આવે છે.” અને લોયાના ૧૦મા વ.-માં પણ શ્રીહરિજી બોલ્યા છે જે, “અતિશય દઢ ભગવાનનો આશ્રય હોય તેને તો અંતઃકરણરૂપ માયા છે તે દુઃખ દેતી નથી, અને જેને એવા



નાક કપાવી પછી તેમાં નથી પહેરવાથી નથ પણ ન શોભે, તેમ ગમે તેટલી સાધના હોય, સિદ્ધિઓ હોય, તપ હોય પણ જો ભગવાનના ચરણોનો આશ્રય ન હોય તો મેળવણ વગરનું મળેલું દહીં છે. તે જોવામાં દહીં લાગે છે બાકી તો તે ઝેર છે.

આશ્રયમાં ફેર હોય તેને દુઃખ દે છે.'' માટે માહાત્મય સહિત અતિ દૃઢ આશરો કરવો એજ કહેવાનું છે.

માણસને એમ થાય કે હું નોકરી કરું તો ઉપરી સાહેબના હાથ નીચે કામ કરવું પડે ! માટે હું વેપાર કરું. પણ વેપારમાંય ક્યાં **સ્વતંત્રતા** છે ? ગ્રાહકોનો આધાર તો જોઈશે જ ને ! ફેક્ટરી કરે અને તેમાં મજૂરોની હડતાલ પડે તો ? કાપડની મીલ કરે અને જો વરસાદ ન પડ્યો અને રૂ (કપાસ) આવે જ નહિ તો મીલ કેવી રીતે ચાલે ? માટે સર્વતંત્ર સ્વતંત્ર તો એક ભગવાન શ્રીહરિ જ છે. એને આશરે બધા છે પણ એને કોઈનો આશરો કે આધાર નથી. બધી વસ્તુઓ અને બ્રહ્માંડો પણ **એકબીજાને આધારે** છે અને આ **બધાનો આધાર પરમાત્મા** છે, એમ **આઈન્સ્ટાઈન** પણ માને છે. માટે સર્વાધારનો આશરો કરવો તે લાચારી નથી પણ **ગૌરવ** છે.



પંક્ચર થાય ત્યારે જ સ્પેરવ્હીલને સંભારીએ એમ લાચારીથી ભગવાનને સંભારીએ, ત્યારે ભગવાન મદદ તો કરે પણ એ **સાચો આશરો** ન કહેવાય.

દ્યૂતસભામાં પાંડવો દ્રૌપદી સહિત પોતાની જાતનેય હારી ગયા. દ્રૌપદીને સભામાં લાવી નિર્વસ્ત્ર કરવા દુર્યોધને દુઃશાસનને આજ્ઞા કરી. દ્રૌપદીએ સહાય માટે ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય વગેરે વડીલો સામું જોયું પણ તે નીચું જોઈ ગયા. પોતાના પાંચ પ્રતાપી પતિઓ પણ તેને બચાવવા નિઃસહાય હતા. દુઃશાસન ઉતાવળો થઈ સાડી ખેંચવા ગયો. દ્રૌપદીએ લાજ બચાવવા વલખાં મારવા માંડ્યાં. છેવટે દાંતમાં સાડીનો છેડો ભરાવ્યો.

દુઃશાસને તે પણ ખેંચ્યો કે તરત તેણીના મોઢામાંથી 'હે કૃષ્ણ, હે કૃષ્ણ' એમ સહાય માટે ચીસ નીકળી ગઈ અને શ્રીકૃષ્ણ ભગવાને સાડીઓનો વરસાદ વરસાવ્યો. દશ હજાર હાથીના બળવાળો દુઃશાસન ૯૯૯ સાડીઓ ખેંચતા ખેંચતા થાકી ગયો. દ્રૌપદીએ શ્રીકૃષ્ણ ભગવાનને જરા આક્રોશથી કહ્યું : ''પાંડવવધૂની લાજ લેવાતી હતી છતાં તમે આટલું બધું મોડું કેમ કર્યું ?'' ત્યારે શ્રીકૃષ્ણચંદ્રજીએ કહ્યું : ''મોડું તો તે કર્યું. હું તો ક્યારનોય સાડીઓ લઈને ઊભો જ હતો. તે વડીલો, પતિઓ, તારા પોતાના પુરુષાર્થનું બળ એમ બધા આશરા લીધા છેવટે લાચારીથી મને સંભાર્યો.''

પંક્ચર થાય ત્યારે જ સ્પેરવ્હીલને સંભારીએ એમ લાચારીથી ભગવાનને સંભારીએ, ત્યારે ભગવાન મદદ તો કરે પણ એ **સાચો આશરો** ન કહેવાય.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે : અને **ભગવાનનો આશરો થયો છે, એવી તો કોઈ વાત નથી.** તેને તો સર્વે વાત થઈ રહી છે, કાંઈ કરવું બાકી રહ્યું નથી ને ભગવાન તો અધમઉદ્ધારણ, પતિતપાવન ને શરણાગતવત્સલ છે, ને :- **'જાકો જગમેં કોઈ નહિ તાકે તુમ હો મહારાજ'**

જેનું કોઈ નહિ તેના ભગવાન છે. તે ભગવાન તો ગરીબના નવાજ કહાવે છે ને :

**'પ્રગટને ભજી ભજી પાર પામ્યાં ઘણાં, ગીધ ગુનકા કપિવૃંદ કોટિ;**
**વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી.'**

માટે પ્રગટના જેવી તો કોઈ વાત નથી. ને પ્રગટ સૂર્ય વતે અજવાળું થાય છે, માટે પ્રગટનો આશરો થયો છે તે બળ રાખવું.

(સ્વામીની વાતો, પ્રકરણ : ૧, વાત : ૧૪૦)

વડતાલ પ્રકરણના ૫મા **વચનામૃત**માં નિત્યાનંદ સ્વામીએ **પ્રશ્ન** પૂછ્યો છે : ''હે મહારાજ ! ભગવાનને આશરે (શરણે) જવું તે **આશરાનું શું રુપ** છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ભગવાને ગીતામાં કહ્યું છે જે,

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।'

હે અર્જુન ! તું તારા મનના માનેલા સર્વ ધર્મ મૂકી એક મારા શરણે આવી જા. હું તને સર્વ પાપ થકી મુકાવીશ અને મોક્ષ પમાડીશ. તું શોક મા કર. અને એવો જે ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન્ વિના બીજાને ન જાણે અને જેજે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકીજ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે, ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય. હે ભક્તો ! શ્રીહરિએ શરણાગતના લક્ષણોમાં **પ્રથમ લક્ષણ** એ બતાવ્યું કે -''મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન્ વિના બીજાને ન જાણે.''

માછીમાર જાળ પસારે તેમાં દૂરના માછલાં પકડાઈ જાય પણ તેના પગ આગળ જે માછલાં હોય તે જાળમાં પકડાય નહીં. માયાજાળમાંથી બચવા ભગવાનના ચરણકમળને આશરે જવું જોઈએ. ઘંટીમાં ખીલડાને આશરે જે દાણા હોય છે તે પીસાતા નથી, દૂરના પીસાઈ જાય છે તેમ ભગવાનના આશરારૂપી ખીલડો પકડી રાખવો.

વહાણના સઢ ઉપર બેઠેલા કાગડાને જ્યાં જુવે ત્યાં ખારો સમંદર જ દેખાય. ઊડી ઊડીને પાછો સઢ ઉપર જ બેસે, તે જ

તેનો આધાર. માટે આપણે પણ - 'નાવકે કાગકી ગતિ ભયી મેરી, જહાં દેખું તહાં જલનિધિ ખારા.... મેરે તો એક તુમહી એક આધારા.' આવું રાખવું. કોઈએ કહ્યું છે કે, **'જેને જેનો આશરો તેને તેની લાજ, તું મારી જકરમાં તો હું તારી ફકરમાં...'** ભગવાનને આશરે જઈએ તો આપણી લાજ અને ફીકર ભગવાન રાખે છે.

મનુષ્યમાત્ર નર યા નારી કોઈપણ મન-કર્મ-વચને કરીને પરમાત્માને આશરે જાય છે અને પોતાના જીવનની સર્વસ્વ જવાબદારી પ્રભુ ઉપર છોડી દે છે તેમનું રક્ષણ ખુદ ભગવાનને કરવું પડે છે, એમ ભગવત્ ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે :

'अनन्याश्चिन्तयन्तो मां, ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ।।'

(શ્રી ભગવદ્ ગીતા : ૯/૨૨)

જે જનો મારા દિવ્ય સ્વરૂપનું ચિંતવન કરતા થકા મને અનન્ય ભક્તિભાવે ભજે છે તેમને ખૂટતું આપવાનો અને તેમની પાસે હોય તે સાચવવાનો ભાર હું ઉઠાવું છું. માટે સુખમાં કે દુઃખમાં ભગવાન શ્રીહરિનો આશરો મૂકવો નહિ અને બદલવો પણ નહીં. કંઠી ઉપર દોરા, ધાગા, માદળિયાં કે તાવીજ ચડવા જોઈએ નહીં.

દેહ છે એટલે સુખ-દુઃખ આવે જ, વ્યવહાર છે એટલે ચડતીપડતી પણ આવે જ. માટે શરીરમાં રોગ આવે કે નોકરી-ધંધામાં ઉપાધિ આવે તો પણ ભગવાન શ્રીહરિનો આશરો મૂકીને અન્ય જગ્યાએ ફૂંક લેવા જવું નહીં. ભેંસ માંદી પડે તેટલામાં તો કોઈ કંઠી તોડી નાંખતા હોય છે. માંદો પડે ત્યારે ચોઘડિયું ભજી ગયું, કુંડાળામાં પગ પડી ગયો વગેરે વહેમોમાં અટવાઈ ભુવા, જાગરિયાં બોલાવે. ડાકલાં બેસારે, ધૂણે, ભુવા પાસે દાણા જોવરાવે, બાવાજી પાસે ઉજણી નંખાવે, નજર બંધાવે વગેરે વગેરે ઘણા ટૂચકાઓ કરે. મેં આટલા વરસ સત્સંગ કર્યો પણ હજુ બે પાંદડે થયો નહિ - એમ માનીને આવા દુઃખમાં જ્યોતિષી પાસે જાય. ગ્રહપનોતી નડે છે એમ માની ગ્રહોની વીંટીઓ પહેરે. ઓફિસ બરાબર ન ચાલે તો કોઈ જ્યોતિષીના કહેવાથી બારણા તોડીને બીજી દિશામાં બારણા બેસાડે. જેને ભગવાનનો દઢ આશરો નથી અથવા આશરામાં જેને પોલ હોય તેઓ આવું આવું ઘણું કરે છે. પણ ભગવાનમાં દઢ નિષ્ઠા રાખીને તેમનું જ એક ભજન કરતા નથી.

➠ યુધિષ્ઠર આદિક પાંચ પાંડવોની સાથે ભગવાન શ્રીકૃષ્ણ હતા તોપણ પાંડવોને ઘણાં દુઃખો પડ્યા, દ્રોપદીને સાથે લઈને જંગલમાં રખડવું પડ્યું પણ તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનો આશરો છોડીને બીજી બાધા-આખડી-માનતા માની નથી.




ધિષ્ઠર આદિક પાંચ પાંડવોની સાથે ભગવાન શ્રીકૃષ્ણ હતા તોપણ પાંડવોને ઘણાં દુઃખો પડ્યા, દ્રોપદીને સાથે લઈને જંગલમાં રખડવું પડ્યું પણ તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનો આશરો છોડીને બીજી બાધા-આખડી-માનતા માની નથી.

➠ ભગવાન શ્રીહરિનો એક **'પ્રાસાદિક પત્ર'** આ બાબતે ખૂબ સારો પ્રકાશ પાડે છે, સહુ કોઈએ વાંચીને તેને જીવનમાં અપનાવ્યા જેવો છે.

"શ્રી અનિર્દેશથી લિખાવીતંગ **સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ**ના સર્વ સત્સંગી બાઈભાઈ નારાયણ વાંચજો.

બીજું **લખવા કારણ** એ છે જે, જે મનુષ્યને જેવું પોતાનું પ્રારબ્ધ હોય તેને અનુસારે તેને દેહને સુખદુઃખ થાય છે; તથા જન્મમરણ થાય છે; પણ જીવના પ્રારબ્ધ કર્મને ઉલ્લંઘન કરીને તો ભૈરવ, ભવાની આદિક જે દેવદેવિયું છે તે કોઈ પણ એ જીવને સુખદુઃખ દેવાને અર્થે અને મારવા-જિવાડવાને અર્થે સમર્થ થાતાં નથી. ને પ્રારબ્ધ, કર્મ અને કાળ તેને ખોટા કરી નાંખવાં તથા મુવાંને જીવતાં કરવા તેમ જીવતાંને મારી નાંખવાં - તેને વિષે તો એક **પરમેશ્વર નારાયણ** માત્ર **સમર્થ** છે, પણ બીજાં કોઈ દેવદેવી સમર્થ નથી. માટે એક પરમેશ્વરનો **દઢ આશરો** રાખીને નિત્યે ભજન કર્યા કરવું અને કોઈ દેવદેવીનો ભય રાખવો નહીં. આપણે તો ભગવાનના ભક્ત છૈયે માટે હરિભક્તોને તો કોઈ રીત્યનો મનમાં ભય રાખવો ઘટે નહીં અને જંત્ર-મંત્ર ઔષધિયે કરીને કોઈ માણસ જીવતો રહેતો હોત તો પૃથ્વીમાં કોઈક તો દીઠામાં આવત, પણ એવો કોઈ દીઠામાં આવતો નથી. વળી જે બહુ મંત્રને જાણે છે તે પણ મરી જાય છે.

બીજું, જંત્રમંત્ર કોઈ ઉપર કોઈના ચાલતાં હોય તો ઘણાક શત્રુઓ જેની ઉપરે હોય એવા મોટા મોટા રાજાઓ જીવતા શી રીતે રહે ? અને જંત્રમંત્ર કરીને જ સિદ્ધિ થતી હોત તો લાખો રૂપૈયા ખરચીને રાજાઓ લશ્કર રાખે છે તથા આયુધ સામગ્રી રાખે છે એવડું શા સારું કરે ? એક ભારે મંત્રશાસ્ત્રી રાખે, તે મંત્રતંત્રની સિદ્ધિઓ કરીને સર્વે પ્રતિપક્ષીને મારી નંખાવે. પણ તેવું તો કોઈ ઠેકાણે દેખાતું નથી.

માટે નિર્ભય થકા નારાયણનું **ભજન** કરજ્યો અને કેવળ ભગવાનનો જ **દઢ વિશ્વાસ** રાખજ્યો. જેમ ભગવાને ધાર્યું હશે તે સત્ય થાશે. આપણું ધાર્યું કે બીજા કોઈનું ધાર્યું નહીં થાય; કેમ કે જીવનું ધાર્યું થાતું હોય તો કોઈ ગરીબ રહે જ નહીં. સરવેને રાજા થવાનો ઉમેદ છે, પણ તેમ થાતું નથી. માટે પરબ્રહ્મ

પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહી નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો, એ આ પત્ર લખવાનો **મૂળ ઉદેશ** છે, તો તમે એકાગ્ર મને કરીને ધારજ્યો તથા વિચારજ્યો.''

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યાં પોતાનું ઘર માનીને ૨૯ વર્ષ સુધી રહ્યા તેવા ગઢડાના મહાન મુક્તરાજ **દાદાખાચર**ને ઘણાં દુઃખો પડ્યા, તેમનો ગરાસ ગીરવે મુકાઈ ગયેલો. શ્રીજીમહારાજે સ્વયં કેટલીયવાર આશીર્વાદ આપીનો રાજકોટ પોલીટીકલ એજન્ટ પાસે મોકલેલા, પરંતુ તેમના જીવતા સુધી ગરાસ મળ્યો નહીં છતાં દાદાખાચરને એમ ન થયું કે મારા ઘેર ભગવાન પોતે રહ્યા ને મારું એકેય વ્યાવહારિક કામ સીધું ઉતર્યું નહીં. અને તેઓ ભગવાન શ્રીહરિને છોડીને બીજે ક્યાંય માથું ઝૂકાવા ગયા પણ નહીં.



યુધિષ્ઠર આદિક પાંચ પાંડવોની સાથે ભગવાન શ્રીકૃષ્ણ હતા તોપણ પાંડવોને ઘણાં દુઃખો પડ્યા, દ્રૌપદીને સાથે લઈને જંગલમાં રખડવું પડ્યું પણ તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનો આશરો છોડીને બીજી બાધા-આખડી-માનતા માની નથી.

✤ લોધીકાના એ દરબાર **અભેસિંહજી**ને એકવાર અત્યંત તાવ આવ્યો. અનેક પ્રકારના ઉપચારો કર્યા, છતાં પણ તાવ ન ઉતર્યો. પછી તેમના સંબંધીઓ એક તાંત્રીક વિદ્યાને જાણનાર ભૂવા (માતાના ઉપાસક) પાસેથી દોરો લાવ્યા અને અભેસિંહજીને બાંધવા માટે આપ્યો. ત્યાંતો તેમણે તુરંત ફગાવી દીધો અને બોલ્યા : ''હું સ્વામિનારાયણનો ભગત છું માતાજીનો નથી, સમજ્યા ? મારો તાવ મારા ભગવાનને ઉતારવો હશે તો ઉતારશે નહિતર તેઓની મરજી. પરંતુ હું આ દોરાને બાંધવાનો નથી.'' એમ કહીને સૂઈ ગયા. પરંતુ તાવ તો વધતો જ હતો, તેના કારણે અભેસિંહજીનાં બહેને મંત્રેલો દોરો ખાટલાના પાયા સાથે બાંધી દીધો. પછી તો અમુક સમય જતાં તાવ ઉતરી ગયો. ત્યારે તેમની બહેન બોલ્યા : '' જોયુંને ભાઈ ? કેવો તાવ ઉતરી ગયો !'' ત્યારે અભેસિંહજીએ કહ્યું : ''શ્રીહરિની ઈચ્છાથી ઉતરી ગયો છે.'' ત્યારે તેઓની બહેન બોલ્યા : ''એતો મેં દોરાને, ખાટલાને પાયે બાંધ્યો હતો તેથી તાવ ઉતરી ગયો છે.'' બહેનની વાત સાંભળીને તુરંત અભેસિંહજીએ દોરાને તોડીને ફેંકી દીધો.

✤ ભગવાન શ્રીહરિએ ધર્મધુરા સ્વીકારી હતી તેવું ગાદીસ્થાન જેતપુરમાં **હરજી કાપડીયા** નામના હરિભક્ત થઈ ગયા. તેઓનો એક પ્રસંગ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ 'ઉપદેશામૃત'માં નોંધ્યો છે :

''જેતપુરના કણબી હરજી કાપડીયાને ટાઢીયો તાવ આવતો, તે બાવે દોરો બાંધીને ઉતાર્યો. પછી તેને ડોસીએ કહ્યું જે, ''ભાઈ ! તારો તાવ બાવો ગોદડામાં ઘાલીને લઈ ગયો છે.''

પછી હરજી ભગત, બાવા પાછળ ગયા અને તેને કહ્યું : ''મારો તાવ પાછો લાવ, તારો ઉતાર્યો મારે ઉતારવો નથી. મારા ભગવાન સ્વામિનારાયણ છે તે ઉતારશે.'' પછી તે બાવે ગોદડું ઓઢાડ્યું ને દોરો પાછો લીધો તેથી તરત જ તાવ આવ્યો ! તોપણ હરજીએ બાવાને કહ્યું જે, ''ભલે તાવ આવ્યો તું તારે અહીંથી જા.'' એમ બાવાને તગડી કાઢ્યો. તે વાતની મહારાજને ખબર પડી, તેથી મહારાજ તેના ઉપર બહુ પ્રસન્ન થયા ને જેતપુર દર્શન દેવા ગયા.''

ભગવાનના દૃઢ આશ્રિતજનોને કોઈનો ભય કે ડર ન હોય. 'अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम । तस्मात्कारुण्य भावेन, रक्ष मां पुरुषोत्तम ।।' - ''હે હરિ ! તમારા સિવાય અમારે કોઈનું શરણું નથી. એટલા માટે કરુણા કરીને અમારી રક્ષા કરજો.''

✤ બારપટોળીના **ખીમા વાઘની પત્ની**ને એક બ્રાહ્મણે વાત કરી : ''બહેન ! તમારા ધણીને બહુ દુઃખના દા'ડા આવે એમ લાગે છે !''

''કેમ ભૂદેવ આમ બોલો છો ?'' તે બાઈએ પૂછ્યું.

ત્યારે બ્રાહ્મણ બોલ્યો : ''તમારા ધણીને શનિની સાડા સાતની પનોતી લોઢાના પાયે બેસવાની છે. તેમાં તો ગામતરાં કરીને મરી જશે ત્યારે માંડ પૂરું થશે.''

આ સાંભળી ખીમા વાઘની પત્ની નિષ્ઠાની ખુમારીના રણકાર સાથે બોલી : ''જા ભામટા ! સાડા સાતની પનોતી તો તમને બેઠી લાગે છે; કેમ જે, ગુજરાતમાં ખાવા ભેગો ન થયો તે રખડતો રખડતો અહીં કાઠીયાવાડ સુધી લાંબો થયો છે. હું તો મારા ધણીને હમણા દહીં ને રોટલો આપીને આવી છું. તે જમીને નિરાંતે સૂઈ ગયો હશે ! માટે ઉપાડ તારા લબાચા, નહીં તો લાકડીએ લાકડીએ મારીને ગામવાળા બહાર કાઢી મૂકશે.''

જેને ભગવાનના આશરાની આવી નિષ્ઠા દૃઢ થાય છે તેને ઈષ્ટદેવ વિના **કોઈનો ભાર** પણ રહેતો નથી અને કોઈનો **ભય** પણ રહેતો નથી. સૂર્યને રાહુ ગ્રસે છે, ચંદ્રને ક્ષયરોગ છે, મંગળમાં અંગાર છે, બુધને માથે કલંક છે, ગુરુએ નારી ગુમાવી છે, શુક્ર એક આંખે કાણો છે, શનિ લંગડો છે, રાહુ માથા વગરનો છે, કેતુને ધડ નથી - આમ **નવે ગ્રહ દુખિયા** છે. એમને કોણ નડ્યું ? એમનું ઠેકાણે પડ્યું નથી તો તેઓ આપણું શું ઠેકાણું પાડવાના છે ? આયુર્વેદ સાચું છે, પણ સાવ નિરોગીને તેની જરૂર નહિ. જ્યોતિષશાસ્ત્ર સાચું છે પણ જેને ભગવાનનો આશરો થયો તેને તેની જરાય જરૂર નહીં. કારણ કે તે ભક્ત ગ્રહોની ગતિથી નહીં પણ ભગવાનની ઈચ્છાશક્તિથી નિયંત્રિત છે. માટે

**ભગવાન શ્રીહરિનો જ એક દૃઢ આશરો** રાખવો.

❖ જૂનાગઢ જિલ્લાના સોરઠ પ્રદેશના **સીમાસી** ગામમાં એક મોચી ભક્તનો પુત્ર બીમાર પડ્યો. આઠ દિવસ અન્નજળ વિના વીતાવ્યા. ગામના માણસોએ કહ્યું : ''આને માટે દોરો-ધાગો કરાવો, કાં દાણા જોવરાવો કાં ડાકલા બેસારો; એમ નહીં કરો તો આનો દેહ પડી જશે.'' ત્યારે એ મોચી ભક્તે કહ્યું : ''ભગવાન શ્રી સ્વામિનારાયણની જેવી મરજી હશે એમ થશે. આવરદા હશે તો રહેશે, નહિતર ભગવાન શ્રીહરિ પોતાના ધામમાં તેડી જશે.''



પોતાના આશ્રયમાત્રથી ભક્તોને મુક્તિ અને સુખ આપનારા ભગવાન શ્રીહરિ, ભક્તોના અંતકાળે, તેમને અક્ષરધામમાં લઈ જવા માટે દિવ્યવિમાનમાં તેડવા પધારે છે એ તેઓનું **આઠમું લક્ષણ** છે.

સૌ લોકોએ ઘણું સમજાવ્યું પણ ડાકલાં કે દોરા-ધાગા માટે એ તૈયાર ન થયા. તેણે ખૂબ ટક્કર ઝીલી. સૌએ ખૂબ ભય બતાવ્યો, પરંતુ તેઓ મક્કમ રહ્યા. છેવટે એ છોકરાને શ્રીજીમહારાજે દર્શન દઈને બિમારીથી મુક્ત કર્યો.

આમ, દૃઢ નિષ્ઠા હોય તો સાંસારિક આધિ, દૈહિક વ્યાધિ અને આર્થિક ઉપાધિમાં પણ ભગવાનના ભક્તો ડગતા નથી. 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી **એક પ્રસંગ** નોંધે છે કે, શ્રીજીમહારાજ લાલજી સુતારને ભોમિયા તરીકે સાથે લઈને કચ્છમાં જતા હતા. રસ્તામાં રણ ઊતરીને એક બાવળિયા નીચે લાલજી સુતારને **ઉપદેશ** આપતાં **ભગવાન શ્રીહરિ** કહે છે :

**'રાખે એક મારો વિશ્વાસ, તેના કષ્ટ કરું છું હું નાશ;**
**બીજા દેવ કે દેવીને વળગે, ત્યારે તજું છું તેને અળગે.**
**મારો નિશ્ચય મન માંહિ પેસે, એની આસ્તા બીજે નવ બેસે;**
**ભૂત પ્રેતનો ભય નવ આણે, જાદુ મંત્ર સાચા નવ જાણે.**
**મારી મૂર્તિમાં મન અનુરાગે, તેને નજર કે ચોટ ન લાગે;**
**કાળ કર્મ કે માયા કદાપી, મારા જનને શકે ન સંતાપી.**
**મારા હાથમાં છે બધી બાજી, એમ જાણી રહે જન રાજી;**
**એવી વાત બહુવિધ કીધી, લાલજીયે દિલે ધરી લીધી.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૨/૧૮-૨૧)

માટે જેને ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશે સર્વોપરીપણાની હા પડી જાય, તેને શ્રીજીમહારાજ સિવાય બીજે કયાંય પ્રતીતિ રહે જ નહિ. ભગવાન શ્રીહરિ કહે છે કે, એવા ભક્તને પછી હું સ્વયં તેડવા આવું છું. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણી' ગ્રંથમાં શ્રીજીમહારાજના શ્રીમુખના વચનોને નોંધતા લખે છે :- **'મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું; બિરુદ મારું બદલે નહિ, એમ સર્વે જનને જણાવવું.'** પોતાના આ વચનને પાળતા ભગવાન શ્રીહરિ પોતાના અનેકાનેક ભક્તોને અંતકાળે અક્ષરધામમાં તેડવા પધારે છે અને સૌને દર્શન પણ આપે છે.

'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિના **તેર અસાધારણ લક્ષણો**ની વાત કરી છે. તેમાં ભગવાન શ્રીહરિનું આઠમું અસાધારણ લક્ષણ વર્ણવતાં કહે છે :-

'आत्यन्तिकी भवति मुक्तिरिहासुभाजां सौख्यं
तथा बहु निजाश्रयमात्रतोऽपि ।
एवंमहिः परिवृतो निजपार्षदौघैर्दिव्यो
स्थितोऽयमुरुतेजसि सद्विमाने ।।११।।
प्राणप्रयाणसमये स्वसमाश्रितानां जाते स्वयं निजवराक्षरधाम भक्तान् ।
तान्नेतुमाव्रजति चैतदमुष्य भद्रं लक्ष्म स्फुटं रुचिरमष्टममेव बोध्यम् ।।१२।।'

**અર્થ :** પોતાના આશ્રયમાત્રથી ભક્તોને મુક્તિ અને સુખ આપનારા ભગવાન શ્રીહરિ, ભક્તોના અંતકાળે, તેમને અક્ષરધામમાં લઈ જવા માટે દિવ્યવિમાનમાં તેડવા પધારે છે એ તેઓનું **આઠમું લક્ષણ** છે. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૨૧)

સંપ્રદાયના અનેક ઈતિહાસો જોવા મળશે કે, સ્વયં ભગવાન શ્રીહરિ ભક્તને તેડવા માટે પધાર્યા છે. અને આશ્ચર્ય અને અહોભાવની વાત તો એ છે કે ૨૦૦ વર્ષ પછી પણ ભગવાન શ્રીહરિના **'મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું...'** એ શબ્દો આજે પણ યથાર્થ અનુભવાય છે. અંતકાળે પોતાના અનન્ય ભક્તોને પોતાના મહામુક્તો સાથે દર્શન દઈને તેડવા આવવાનું એ બિરુદ સંપ્રદાયના મંદિર, દેવ, શાસ્ત્ર, આચાર્ય, સંત અને હરિભક્ત - આ ષડ્અંગી પરંપરા દ્વારા પ્રગટ-પ્રત્યક્ષ રહીને આજેય જાળવી રાખ્યું છે. તેની પ્રતીતિ કરાવતા એવા **અસંખ્ય પ્રસંગો** ઠેર-ઠેર બનતા રહે છે.

❖ થોડા વર્ષો પહેલા (સને ૨૦૦૮માં) બનેલી એક સત્યઘટના છે. સોરઠમાં ભેંસાણ ગામની પાસે **ચણાકા** કરીને એક નાનું ગામ આવેલું છે. જ્યાં વર્ષો પૂર્વે ચ્યવન ઋષિએ તપશ્ચર્યા કરી હતી. આ ગામમાં **કડવાભાઈ** કરીને એકાંતિક હરિભક્ત રહે છે. ભક્તશ્રી, સરધારથી પ્રકાશિત કથાપારાયણોની કેસેટો નિત્ય મંદિરમાં ભક્તોના શ્રવણાર્થે વગાડતા. મંદિરની બાજુમાં એક વૃદ્ધ **ગોબરભાઈ ડોબરીયા** રહેતા હતા, તેઓ ઘેર બેઠા થકાજ લાઉડ સ્પીકર દ્વારા તે કથા સાંભળતા. નિત્યના શ્રવણથી તેને સત્સંગમાં રસ જાગ્યો. પછી તેઓ મંદિરે પણ આવવા લાગ્યા. દરરોજ સવારથી સાંજ સુધી મંદિરમાં જ રહીને કથાવાર્તા સાંભળે અને નાની-મોટી મંદિરની સેવા કરે. તેઓ બહુ ભણેલ નહોતા પણ તેમને ભગવાન

શ્રીહરિને વિશે તેમના સર્વોપરીપણાની સમજણ દૃઢ થઈ ગઈ.

આ રીતે બે વર્ષ સુધી સત્સંગમાં પ્રસાર થઈ ગયા. એક દિવસ સવારે દસ વાગ્યાના સુમારે મંદિરથી ઘેર ગયા. ઘેર જઈને ઓસરીના પગથિયાં પાસે જ બેસી ગયા. પછી પોતાના છોકરાઓને પાસે બોલાવીને કહ્યું : ''બેટા ! હું તો હમણાં ભગવાનના ધામમાં જવાનો છું. ભગવાન શ્રી સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે...!!''

તેમના દીકરાઓને ઘણું આશ્ચર્ય થયું. કારણ કે નખમાંય રોગ વિનાના હરતા-ફરતા દાદાને અચાનક શું થયું ? દાદાને દીકરાઓ કહે : ''બાપા ! આવી શું વાત કરો છો ? તમને તો કોઈ બિમારી પણ નથી.''

ત્યારે એ દાદાએ દીકરાઓને ન સમજાય તેવો ઉત્તર આપ્યો. તેમણે કહ્યું : **''મને ભગવાન શ્રી સ્વામિનારાયણ અક્ષરધામમાં તેડી જવા માટે આવ્યા છે. મારી રાહ જોઈને ઊભા છે.''**

દાદાનું પારખું લેવા દીકરાઓ કહે : ''તો અમને પણ ભગવાનના દર્શન કરાવો.''

ત્યારે દાદાએ કહ્યું : ''તમોને દર્શન નહિ થાય, આપણા કડવા ભગતને બોલાવો. એ એકાંતિક ભક્તરાજને દર્શન થશે.''

પછી એક છોકરો કડવાભગતને તેના જુના નિવાસસ્થાને બોલાવા માટે ગયો, પણ કડવાભગત ત્યાં હાજર નહોતા. પછી પેલા છોકરાએ આવીને દાદાને કહ્યું : ''બાપા ! કડવા ભગત ઘેર હાજર નથી, તે બહાર ગયા છે.''

ત્યારે દાદા કહે : ''કડવાભગતના પણ ભાગ્ય ખૂટતા લાગે છે !'' પછી સૌને **'જય સ્વામિનારાયણ'** કહીને કહે : ''હવે હું ધામમાં જાઉં છું.'' આટલું કહીને દાદાએ આંખ મીંચી દીધી અને આ પંચભૌતિક દેહને છોડીને અક્ષરધામમાં સિધાવ્યા.

❖ આજ ચણાકા ગામનો એક બીજો પણ સુંદર **રોચક પ્રસંગ** છે. એક સામાન્ય ગુણભાવવાળા હરિભક્ત દાદા **હીરાભાઈ ડોબરીયા** કરીને હતા. તેઓ ચણાકા શ્રી સ્વામિનારાયણ મંદિરની પ્રતિષ્ઠાના અરસામાં **કેબલ ચેનલ** નેટવર્ક દ્વારા (ડીસેમ્બર - ૨૦૦૮માં) પ્રસારણ કરવામાં આવેલી વક્તા પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂદાસજી દ્વારા ગાન કરાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણનું ટી.વી.ના માધ્યમથી પ્રતિદિન શ્રવણ કરતા હતા. વૃદ્ધ અને બિમાર હોવાથી સૂતા સૂતા જ કથા સાંભળતા હતા.

**ક્રમશઃ** (વધુ આગામી અંકોમાં)

અનુસંધાન પેજ નંબર ૧૩ નું

કિતાબો લખે છે. જેવો હોંશિયાર હોય તેવો અધિકાર મળે; અધિકારનો આધાર વિદ્યા ને બુદ્ધિ છે પણ જાતિ નથી.'' ત્યારે **ભગવાન શ્રીહરિ** કહે : ''જેવી નીતિ જે રાખે તેવું સુખ આ લોકમાં પામે છે. જુદા જુદા સમર્થ પુરુષો થયા. તેમણે દેશની રીત જોઈને **નીતિ** બાંધી છે. ભરતખંડ બધા દેશો કરતાં **શ્રેષ્ઠ** છે તેમ અમારા શાસ્ત્રોમાં કહ્યું છે. કારણ કે અહિંયા તીર્થ, યજ્ઞ, વ્રત, દેવપૂજા, વિપ્ર, સંત પ્રત્યે પૂજ્યબુદ્ધિ, પરમાત્માની કથા, કીર્તન વગેરે થાય છે. ભગવાનમાં જોડાવું તે જ **સાચી બુદ્ધિ** છે. ભગવાનમાં જ **બધા આશ્ચર્ય** રહેલા છે. આકાશમાં કાંઈપણ ન હોય તો પણ તેમના સંકલ્પથી ક્ષણવારમાં વાદળાં, ગાજવીજ અને વરસાદ થવા લાગે છે. એમ અપાર આશ્ચર્યમય તેમની શક્તિ છે. બધા દેવોમાં જે **સામર્થ્ય** છે તે તેમનું છે. ભારતમાં ગ્રંથનો પ્રબંધ કરવા વ્યાસરૂપે ભગવાન પ્રગટ થયા. તેમણે વર્ણાશ્રમની વ્યવસ્થા કરી, વેદના અર્થનો વિસ્તાર કર્યો, મહાભારત કર્યું, સત્તર પુરાણ કર્યા, પણ તેમાં **ભગવાનની વાત** મુખ્ય ન આવી તેથી વ્યાસજીને શાંતિ ન થઈ ત્યારે નારદજીની પ્રેરણાથી શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના અવતારોના ચરિત્રોથી તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિથી ભરપુર **શ્રીમદ્ ભાગવત** નામનું અઢારમું પુરાણ શુક-પરીક્ષિતના સંવાદથી કર્યું ત્યારે શાંતિ થઈ. એમ ભગવાન શ્રીહરિએ ઘણી જ વાતો સાહેબને કરી.''

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાતો સાંભળી **એરણ સાહેબ** રાજી થયા. પછી ભગવાન શ્રીહરિનું પૂજન કરી સુંદર કિંમતી શાલ ભેટમાં આપી. હાર પહેરાવી પાનબીડી આપી. પછી ભગવાન શ્રીહરિ સાહેબની રજા લઈ ત્યાંથી ચાલવા તૈયાર થયા. ત્યારે સાહેબે ભગવાન શ્રીહરિને કહ્યું : ''હે પ્રભો ! અહીંથી અમારી બદલી થઈ છે તેથી અમે હવે **સુરત** જઈશું. માટે આપ કૃપા કરી ત્યાં દર્શન દેવા પધારજો. આપના ઉપર અમારે **ખૂબ ભાવ** છે, કારણ કે આપ **સાક્ષાત્ ભગવાન** છો. માટે લોભવશ થઈને ક્યારેય અમારી મતિ પ્રજા ઉપર વિપરીત ન થાય તેવી **કૃપા** કરજો.''

ત્યારે શ્રીજીમહારાજે સાહેબને કહ્યું : ''સંગના યોગથી મતિમાં ફેર પડે છે એવું **સંગનું પ્રધાનપણું** છે. જેને **વિવેકરૂપી નેત્ર** છે તેને તે સમજાય છે. **કેટલીક વાત સંગથી પણ ફરતી નથી.** પરંતુ જો તે **દૃઢ** કરી રાખેલી હોય તો.'' એમ વાત કરી ભગવાન શ્રીહરિ ત્યાંથી ચાલ્યા ત્યારે સાહેબ દરવાજા સુધી વળાવવા આવ્યા.


(અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ : પ્ર. ૨૪ના આધારે સંકલિત...)



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

## પીપરડી


ગઢડા પ્રદેશના પીપરડી (તા. સાવરકુંડલા) ગામને આંગણે યોજાયેલ નૂતન શ્રી રામજી મંદિરનું ખાતમુહૂર્ત કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## સાવલી





સાવલી (વડોદરા)ને આંગણે નૂતન શ્રી સ્વામિનારાયણ હોસ્પીટલનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.


## કાલોલ





વડતાલ પ્રદેશના કાલોલ (પંચમહાલ) ગામને આંગણે મંદિરનો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.

## બાદલપુર





જૂનાગઢ પ્રદેશના બાદલપુર (તા. કુંકાવાવ) ગામને આંગણે મંદિરનો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી.




કારિયાણીને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરમાં બિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ.





વડતાલ પ્રદેશના કેલોદ (ભરુચ) ગામને આંગણે ભગવાન શ્રીહરિના પ્રાસાદિક સ્થાને સ્મૃતિ છત્રીમાં ચરણારવિંદમાં સ્થાપના કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.





ગઢડાને આંગણે યોજાયેલ શ્રીહરિકૃષ્ણ મહારાજના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા તથા અન્નકૂટની આરતી ઉતારતા તેમજ યજમાન પ.ભ. શ્રી પ્રફૂલભાઈ જબરાદાનભાઈ ગઢવી પરિવારને આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી





વડતાલ પ્રદેશના વસો (તા. નડિયાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ સત્સંગ સભા.








વડતાલ પ્રદેશના સોજીત્રા (જી. આણંદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.












વડતાલ પ્રદેશના રૂણજ (તા. તારાપુર) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ્વામી શ્રી નિરન્નમુક્તદાસજીના (વકીલસ્વામી) માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો '૪૧મો જન્મોત્સવ તથા રંગોત્સવ' (તા.૧૩-૩-૨૦૧૫)






મહુવાને આંગણે ખારગેટ મંદિર ખાતે યોજાયેલ પૂનમ-સમૈયા પ્રસંગે સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી.








ભાવનગર થી શ્રી મદનમોહન મહારાજ-ધોલેરાથી સુધી યોજાયેલ પદયાત્રામાં જોડાયેલ સંતો-પાર્ષદો હરિભક્તો








જૂનાગઢને આંગણે યોજાયેલ શ્રીહરિકૃષ્ણ મહારાજના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક તથા
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સત્સંગ સભા તથા રંગોત્સવ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

## નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૧૯-૪-૨૦૧૫ થી<br>૨૩-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૧ થી<br>વૈશાખ સુદ - ૫ | વૈશાખ સુદ - ૫<br>તા. ૨૩-૪-૨૦૧૫ | મુ. **ભક્તિધારા રેસીડેન્સી, સાયણ, સુરત**<br>સંપર્ક :- મો. ૯૮૨૫૭૬૯૯૯૨, ૯૮૨૫૬૧૦૫૧૮ |
| ૨. | ૨૫-૪-૨૦૧૫ થી<br>૨૯-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૭ થી<br>વૈશાખ સુદ - ૧૧ | વૈશાખ સુદ - ૭<br>તા. ૨૫-૪-૨૦૧૫ | મુ. **ગુંદરણી**, તા.મહુવા, જી. ભાવનગર<br>સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૩૮૩ |
| ૩. | ૨-૫-૨૦૧૫ થી<br>૫-૫-૨૦૧૫ | વૈશાખ સુદ - ૧૩ થી<br>વૈશાખ વદ - ૧ | શ્રી સ્વામિનારાયણ<br>બાળયુવા મહોત્સવ | મુ. **શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર**<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૩/૦૫ |
| ૪. | ૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧ | રત્નાકર મહોત્સવ | મુ. **શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર** |
| ૫. | ૭-૫-૨૦૧૫ થી<br>૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૩ થી<br>વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮<br>તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ગુંજાર**, તા.ધંધુકા, જી. અમદાવાદ<br>સંપર્ક :- મો. ૯૬૬૨૪૨૩૨૮૭, ૯૬૬૨૧૪૯૯૪૮ |
| ૬. | ૯-૫-૨૦૧૫ થી<br>૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૫ થી<br>વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮<br>તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ધંધુકા**,જી. અમદાવાદ<br>સંપર્ક :- મો. ૯૪૨૮૪૯૯૩૦૮ |
| ૭. | ૧૧-૫-૨૦૧૫ થી<br>૧૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી<br>વૈશાખ વદ - ૧૨ | વૈશાખ વદ - ૧૨<br>તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **કોલડા**, તા.કુંકાવાવ, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૫૩૦ |
| ૮. | ૧૨-૫-૨૦૧૫ થી<br>૧૬-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી<br>વૈશાખ વદ - ૧૩ | વૈશાખ વદ - ૧૨<br>તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **વિરડી**, તા. ગારીયાધાર, જી. ભાવનગર<br>સંપર્ક :- મો. ૯૪૨૬૮૩૨૮૪૩, ૯૩૭૬૭૯૯૨૯૪ |
| ૯. | ૧૫-૫-૨૦૧૫ થી<br>૧૭-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧૨ થી<br>વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૨<br>તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **સુકી સાજડીયાળી**, તા.જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |





પધારો
કાયાવરોહણ
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર - કાયાવરોહણનો ભવ્ય
100
શતાબ્દી મહોત્સવ
સંવત ૧૯૭૧ - ૨૦૭૧
અંતર્ગત
॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥
કથા પારાયણ
તારીખ :- ૨૮ -૩ થી ૩ -૪-૨૦૧૫
:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ
-: વક્તા :-
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ
લાઇવ T.V. પ્રસારણ
हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ - કાયાવરોહણ (વડતાલ પ્રદેશ) વતિ : પૂ. ઘનશ્યામ સ્વામી - રઘુવીરવાડી
સંપર્ક : પૂ.ઘનશ્યામ સ્વામી મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ઘનશ્યામ પટેલ : મો. ૯૪૨૬૯૭૮૨૩૬, નિર્મલ પટેલ : મો.૯૯૯૮૩૮૦૩૬૧
મહોત્સવ સ્થળ :- 'શ્રી બ્રહ્મેશ્વર યોગ મંદિર ગ્રાઉન્ડ' મુ. કાયાવરોહણ, તા.ડભોઈ, જી. વડોદરા




હાર્દિક નિમંત્રણ
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ
શ્રીમદ્ ભાગવત
કથા મહોત્સવ
વક્તા
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
તા. ૫-૪-૨૦૧૫ થી તા. ૧૧-૪-૨૦૧૫
કથા સમય :- સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦
મહોત્સવ સ્થળ
સ્કોડા શોરૂમ,
રાજકોટ - ગોંડલ હાઇવે, રાજકોટ
:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી - વડતાલ
:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી - વડતાલ
આયોજક / નિમંત્રક : શ્રી જગતસિંહ એમ. જાડેજા (રીબડા)
સંપર્ક :- શ્રી છત્રપાલસિંહ જે. જાડેજા - મો. ૯૭૩૭૨૮૨૪૪૪, મો. ૯૮૨૪૦૩૬૭૨૧ ,૯૮૨૫૮૩૦૨૧૦, ૯૪૨૮૧૫૪૨૪૫, ૯૯૨૪૩૦૫૧૫૧, ૯૮૨૪૪૮૭૯૩૭
લાઇવ પ્રસારણ
हमारा लक्ष्य
online : www.lakshyatv.com

# સરધાર/રાજકોટ થી જૂનાગઢ
# દિવ્ય પદયાત્રા






















પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંતો-હરિભક્તો સંગે યોજાયેલ **'સરધાર/રાજકોટ થી જૂનાગઢધામ'** સુધી **'દિવ્ય પદયાત્રા'** (તા. ૨૭ થી ૧-૩-૨૦૧૫)

આજના આ વૈજ્ઞાનિક અને કોમ્પ્યુટર-આધુનિક યુગના ઝડપી વાતાવરણમાં **'પદયાત્રા'** શબ્દ કદાચ વસમો લાગે. આજનો માનવી જ્યારે આકાશમાં ઉડતો થયો છે અને સમયની મારા-મારી વચ્ચે જીવતો થયો છે ત્યારે પગપાળા ચાલીને યાત્રા કરવી તે કઠીન કાર્ય છે. પરંતુ સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના સંપૂર્ણ રાજીપાથી અને વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના સંકલ્પ પ્રમાણે **સરધાર** તથા **રાજકોટ** શહેરથી ભગવાન શ્રીહરિ સ્થાપિત છધામ પૈકી **શ્રી રાધારમણ દેવ - જૂનાગઢધામ** સુધી 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના દિવ્યનાદ સાથે ૪૦ સંતો-પાર્ષદો અને ૫૦૦થી વધુ હરિભક્તો સંગે **'દિવ્ય પદયાત્રા સંઘ'**નું આયોજન કરવામાં આવ્યું હતું.































**નાઈરોબી-કેન્યાને ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં 'દિવ્ય સત્સંગ સભા તથા પધરામણી' (તા. ૧૬ થી ૨૧-૨-૨૦૧૫)**

૧. કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. મંદિરમાં યોજાયેલ સત્સંગ સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. મંદિરના અગ્રગણ્ય હરિભક્ત પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી આદિક ભક્તો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીનો લાભ લેતા કચ્છ સત્સંગ સમાજ ભક્ત સમુદાય. ૫-૬. નાઈરોબી સનાતન હિન્દુ ટેમ્પલમાં દર્શન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭ થી ૧૦. શ્રી હરેશભાઈ સોની તથા ધવલભાઈ સોની વગેરે હરિભક્તોના નિવાસસ્થાનોએ પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો.

Swaminarayan Chintan, March - 2015 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015










લુમ્બાસી-કોંગો (આફ્રિકા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના પ.ભ. શ્રી પ્રશાંતભાઈ ઘનશ્યામભાઈ જોબનપુત્રા પરિવાર દ્વારા નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૨ થી ૧૫-૨-૨૦૧૫)









વડતાલ પ્રદેશના દેગામ (તા.નડિયાદ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૯ થી ૨૩-૨-૧૫)

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007